Monday 16, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

નાનાપોંઢામાં નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જનજાતીય ગૌરવ દિન ઉજવાયો

એક જ દિવસમાં ૧૮,૦૦૦ આદિવાસી પરિવારોને વન અધિકાર પત્રો એનાયત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ 'જનજાતીય ગૌરવ દિવસ' નિમિત્તે વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. 'જય જોહાર'ના ગગનભેદી નારા સાથે સંબોધનની શરૂઆત કરતા તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિને સમગ્ર દેશમાં 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો છે, જે આજે દેશના પ્રત્યેક સમાજ માટે ગૌરવનું પ્રતીક બન્યો છે.



રાજ્ય સરકારની જનકલ્યાણકારી કામગીરીની વિગતો આપતા સંઘવીએ જણાવ્યું હતું કે, વન અધિકાર અધિનિયમ હેઠળ ગુજરાતના ૧ લાખથી વધુ આદિવાસી પરિવારોને કુલ ૭૪,૦૦૦ હેક્ટરથી વધુ જમીનના માલિકી હકો સોંપવામાં આવ્યા છે. આજના પવિત્ર દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા એક જ દિવસમાં ૧૮,૦૦૦થી વધુ લાભાર્થીઓને વન અધિકારના પ્રમાણપત્ર અને રેકોર્ડ ઓફ રાઈટ્સ આપીને તેમના ઘરોમાં દિવાળીનો દીપક પ્રગટાવવાનું કામ કરવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં પૂર્વવર્તી કોંગ્રેસ સરકારો પર આકરા રાજકીય પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આઝાદી બાદ ૫૦-૫૫ વર્ષ સુધી શાસન કરનાર કોંગ્રેસે આદિવાસી સમાજના સપનાઓ પર રોડા નાખવાનું કામ કર્યું હતું. ભગવાન બિરસા મુંડાજીની પણ ક્યારેય યાદ ન કરી. ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિની ઉજવણી અને આદિવાસી સમાજ માટે અલગ મંત્રાલયની શરૂઆત માત્ર ભાજપની મોદી સરકારે જ કરી છે.

વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું કે, આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓને વૈશ્વિક સ્તરે ગૌરવવંતુ સ્થાન અપાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળ રાજ્ય સરકાર મક્કમ પ્રયાસો કરી રહી છે.

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ભગવાન બિરસા મુંડાના જીવન ચરિત્રનું મહાત્મ્ય જણાવી પ્રસંગોપાત ઉદબોધન કર્યુ હતું.

નાયબ મુખ્યમંત્રીના હસ્તે વિવિધ યોજના અંતર્ગત રૂા. ૬.૮૨ કરોડના કુલ ૯૩ કામો અને રૂ. ૪૧.૪૯ કરોડના કુલ ૩૮૧ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણા, પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકી, પ્રદેશ સંગઠન મંત્રી સોનલબેન સોલંકી, પ્રદેશ એસટી મોર્ચા મહામંત્રી મહેન્દ્ર ચૌધરી, જિલ્લા સંગઠન પ્રભારી વિનય શુક્લા, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, તમામ નગરપાલિકા અને તાલુકા પંચાયતના પ્રમુખઓ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં આદિવાસી બાંધવો ઉપસ્થિતિ રહ્યા હતા.



વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. આલીપુર

વસુંધારા


Amul The Taste of India

સૌને અમારા નૂતન વર્ષાભિનંદન

- વસુધારા ડેરી સંયોજિત મંડળીના પ્રમુખશ્રીઓ, કમિટિ સભ્યો, દૂધ ઉત્પાદક બહેનો અને ભાઇઓ
- વસુધારા ડેરીના ''અમૂલ'' અને ''વસુધારા'' બ્રાન્ડના ઉત્પાદનોના ઉપભોગકર્તા અમારા માનવંતા ગ્રાહકો,
- અમૂલ દૂધના ડીસ્ટ્રીબ્યુટરો અને એજન્ટો
- વસુધારા ડેરીના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરો અને સપ્લાયરો
- વસુધારા ડેરીના શુભચિંચકો ● વસુધારા ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ અને કામદારો

આવનારા વર્ષમાં વિકાસની ગતિને વણથંભી રાખવા માટે આપણે વધુ કટિબધ્ધ બની ''સહકારી પ્રવૃત્તિ થકી જ સર્વેનું કલ્યાણ''ના મંત્રને અનુસરી ઉત્તરોત્તર દૂધ ઉત્પાદનમાં વધારો કરી, વસુધારા ડેરીના દૂધ અને દૂધના ઉત્પાદનોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખો, તેમજ બજારની તીવ્ર હરિફાઈના પડકારને સહુના સહિયારા પુરુષાર્થથી સામનો કરવાનો નવા વર્ષના મંગળ પ્રભાતે આપણે સહુ સંકલ્પ કરીએ. નૂતન વર્ષ આપ સર્વેને સુખ-સમૃધ્ધિ આપનારું બની રહે તેવી હાર્દિક શુભેચ્છા.

''વસુધારા ડેરી'' પરિવાર



JANJATIYA GAURAV DIWAS | सत्यमेव जयते ગુજરાત સરકાર | જનજાતીય કલ્યાણ યોજના



ધરતી આબા ભગવાન બિરસા મુંડાની
૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે
તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ
જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી



જનજાતીય ગૌરવ સપ્તાહ

તારીખ : ૧૨ થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬



આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર

ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ : ૧૫ નવેમ્બર, ૨૦૨૬ | સ્થળ : છોટાઉદેપુર

શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ : ૧૫ નવેમ્બર, ૨૦૨૬ | સ્થળ : વલસાડ

"ભગવાન બિરસા મુંડાનું બલિદાન આપણી પ્રેરણા છે, આદિવાસી સમાજનું સશક્તિકરણ આપણું લક્ષ્ય છે અને વિકસિત ગુજરાતનું નિર્માણ આપણો સંકલ્પ છે."
- હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રી, ગુજરાત)

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે

વાંસદાના ગાંધી મેદાનમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઈ



ભગવાન બિરસા મુંડાજીનું બલિદાન અને આદિવાસી સંસ્કૃતિનું જતન એ જ સાચી શ્રદ્ધાંજલિ : વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા.૧૫ : આદિજાતિ વિકાસ વિભાગ, અને નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે વાંસદાના ગાંધી મેદાન ખાતે ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આદિવાસી સમાજની અસ્મિતા, સંસ્કૃતિ અને ગૌરવની ઝાંખી જોવા મળી હતી.

આ પ્રસંગે મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજીએ દેશની આઝાદી તેમજ જળ, જંગલ અને જમીનના રક્ષણ માટે કરેલો સંઘર્ષ અને આપેલું બલિદાન સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. આદિવાસી સમાજ પ્રકૃતિનો સાચો ઉપાસક અને રક્ષક છે. આ સમાજની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને વારસાનું જતન કરવાની સાથે સમાજમાં રહેલા કુરિવાજો દૂર કરી શિક્ષણ, આરોગ્ય અને વિકાસના માર્ગે આગળ વધવું જરૂરી છે. ભગવાન બિરસા મુંડાજીના આદર્શોને જીવનમાં ઉતારવા અને આદિવાસી સંસ્કૃતિનું જતન કરવું એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં આદિવાસી વિસ્તારના કોઈપણ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે તે માટે વિશેષ પ્રયાસો થઈ રહ્યા છે. આરોગ્ય ક્ષેત્રે આદિવાસી વિસ્તારોમાં ૧૨ મેડિકલ કોલેજ કાર્યરત છે. આયુષ્માન કાર્ડ, સિંચાઈ સુવિધા, વીજળી જોડાણ, કૃષિ જોડાણ, માર્ગ સુવિધા અને ધાર્મિક-સાંસ્કૃતિક સ્થળોના વિકાસ દ્વારા આદિવાસી વિસ્તારોમાં પાયાની સુવિધાઓ મજબૂત બનાવવામાં આવી રહી છે.

લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરીને સમગ્ર આદિવાસી સમાજનું ઐતિહાસિક સન્માન કર્યું છે. ભગવાન બિરસા મુંડાજીના આદર્શોથી પ્રેરાઈને આજનો આદિવાસી યુવા વર્ગ શિક્ષણ, રમતગમત અને વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસ અને સંસ્કૃતિને જાળવી રાખવાની સાથે નવી પેઢીને પ્રગતિની તકો આપવી એ સૌની સહિયારી જવાબદારી છે.

આ પ્રસંગે મંત્રીએ વાંસદા વિધાનસભા મતવિસ્તારનાં કુલ રૂ. ૫૧.૬૩ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કરી યોજનાઓથી મળેલા લાભ અંગે પ્રતિભાવો આપ્યા હતા.

જિલ્લા કક્ષાએ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતાં આકર્ષક લોકનૃત્યોની પ્રસ્તુતિથી થયો હતો. ત્યારબાદ આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓ દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના કાર્યક્રમનું ઉપસ્થિત સૌએ જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું. કાર્યક્રમ ના અંતે ગાંધીમેદાન થી વાંસદા ટાવર સુધી રેલી યોજાઈ હતી. રેલીમાં મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ, બહેનો જોડાયા હતા.આ ગૌરવશાળી સમારોહમાં ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર કાર્તિક જીવાણી, વાંસદા પ્રાંત અધિકારી શ્રી ભાર્ગવ માહલા,નાયબ વન સરંક્ષક ઉર્વશીબેન, વાંસદા પ્રાયોજના કચેરીના મદદનીશ કમિશનર પી ડી મનાત, રવિન્દ્ર ગાંવિત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અર્જુનભાઈ પટેલ, વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ કૌશિકભાઈ પટેલ, ખેરગામ તાલુકા પંચાયતનાં પ્રમુખ હંસાબેન પટેલ, ચીખલી તાલુકા પંચાયતનાં પ્રમુખ રશ્મિકાબેન પટેલ સહિતના પદાધિકારીઓ, વહીવટી અધિકારીઓ, આમંત્રિત મહાનુભાવો અને મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય અને સામાજિક સેવાકીય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ

વાંસદાના ગાંધી મેદાન ખાતે ડો. લોચન શાસ્ત્રીનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા.૧૫ : જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે વાંસદાના ગાંધી મેદાન ખાતે યોજાયેલા વિશાળ કાર્યક્રમમાં આરોગ્ય સેવા અને સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ જાણીતા તબીબ તથા સેવાભાવી ડો. લોચન શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં તેમને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

વાંસદા તાલુકો આદિવાસી અને અંતરિયાળ વિસ્તાર ધરાવતો હોવાથી અહીં આરોગ્ય સેવાઓને વધુ સુલભ અને અસરકારક બનાવવાની દિશામાં વિવિધ સ્તરે કામગીરી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ડો. લોચન શાસ્ત્રી દ્વારા પણ આરોગ્યલક્ષી તેમજ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગિતા નોંધાવવામાં આવી છે.

ખાસ કરીને રક્તની અછતને કારણે દર્દીઓને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને શ્રી હોસ્પિટલ, વાંસદા ખાતે બ્લડ સ્ટોરેજની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ સુવિધા શરૂ થયા બાદ છેલ્લા આઠ મહિનામાં આશરે ૩,૩૦૦ યુનિટ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેમાં સિકલ સેલ એનિમિયાના દર્દીઓ માટે આશરે ૨૦૦ યુનિટ રક્ત નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત ભારત સરકારના 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ડો. લોચન શાસ્ત્રી નિપ્રક્ષય મિત્ર તરીકે જોડાયા છે.

જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી અંતર્ગત આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે કરવામાં આવેલી આ સેવાકીય કામગીરીની નોંધ લઈ પ્રાયોજના વહીવટદારની કચેરી, વાંસદા, જિલ્લા નવસારી દ્વારા ડો. લોચન શાસ્ત્રીને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. મદદનીશ કમિશનર (શિક્ષણ, આયોજન અને મોનિટરિંગ) દ્વારા આપવામાં આવેલા આ પ્રશસ્તિપત્રમાં તેમની આરોગ્યલક્ષી અને સામાજિક સેવાઓની વિશેષ નોંધ લેવામાં આવી છે.

વાંસદા જેવા અંતરિયાળ વિસ્તારમાં આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા વધારવા, જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટેની વ્યવસ્થા ઊભી કરવા તેમજ ટીબીના દર્દીઓ માટે પોષણલક્ષી સહાય ઉપલબ્ધ કરાવવા જેવી કામગીરી આરોગ્ય અને સામાજિક સેવા ક્ષેત્રે નોંધપાત્ર બની રહી છે.

જનજાતીય ગૌરવ દિવસના કાર્યક્રમ દરમિયાન થયેલું આ સન્માન આરોગ્ય અને સમાજસેવાના ક્ષેત્રે કરવામાં આવતી આવી કામગીરીની કદરરૂપે મહત્વપૂર्ण માનવામાં આવે છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૬-૧૧-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** કારતક સુદ ૭, **સૂર્યોદય :** ૦૬ : ૫૭ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૧, **ચંદ્રોદય** - ૧૨:૨૫ **ચંદ્રાસ્ત** - ૧૧:૪૨ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : પારિવારિક વાતાવરણ આનંદમય રહેશે અને પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. ચંદ્ર દસમા સ્થાને રહેવાથી ચંદ્રબળ શુભ છે. નોકરી અને વ્યવસાયમાં પ્રગતિ થશે તથા માન-સન્માનમાં વધારો થશે.

વૃષભ (બ, વ, ઉ) : ચંદ્ર નવમા ભાગ્ય સ્થાને ભ્રમણ કરશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે અને અટકેલા કાર્યો પૂર્ણ થવાના યોગ બનશે.કોઈ પણ મોટું નાણાકીય રોકાણ કરતા પહેલાં દસ્તાવેજો કે બારીકીઓનો ઊંડો અભ્યાસ કરી લેવો હિતાવહ છે.

મિથુન (ક, ઘ, ચ) : સતત કામની વચ્ચે સમય-સમય પર નાનો બ્રેક લેતા રહેવું, જેથી થાક ન અનુભવાય. સહકર્મીઓ સાથે વાતચીત કરતી વખતે કોઈ ગેરસમજ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

કર્ક (ડ, હ) :માનસિક તણાવ તમારી કાર્યક્ષમતાને અસર ન કરે તે માટે મનપસંદ -વૃત્તિઓ (હોબી) પાછળ સમય વિતાવવો ઉત્તમ રહેશે.

સિંહ (મ, ટ) : નાણાકીય બાબતોમાં સારો સુધારો જોવા મળશે, પરંતુ દિવસના ઉત્તરાર્ધમાં બિનજરૂરી ખર્ચાઓ પર અંકુશ રાખવો જરૂરી બનશે.લાંબા સમયથી અટકેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાં તમને આગેવાની મળી શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : નાણાકીય દ્રષ્ટિએ આવકના નવા સ્રોત ઊભા થઈ શકે છે, પરંતુ ગુસ્સા કે ઉગ્ર વાણી પર સંયમ રાખવો જરૂરી છે.

તુલા (ર, ત) : પારિવારિક જીવનમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે. જોકે, ગ્રહોની વક્રી ચાલને કારણે કરિયર અને કીમતી ખરીદીના નિર્ણયોમાં વડીલોની સલાહ લેવી ફાયદાકારક રહેશે.

વૃશ્ચિક (ન, ય) : નાણાકીય આયોજનમાં દિવસ ઘણો સારો રહેશે, છતાં કોઈપણ મોટું સાહસ કરતા પહેલાં નફા-નુકસાનની ગણતરી બરાબર કરી લેવી.

ધન (ભ, ધ, ફ, ઢ) : ઓફિસમાં વરિષ્ઠ અધિકારીઓનો પૂરો સહયોગ અને માર્ગદર્શન મળશે. જો તમે નવી મિલકત કે વાહન ખરીદવાનું વિચારી રહ્યા હોવ, તો અત્યારે ઉતાવળ કરવાના બદલે થોડી રાહ જોવી વધુ હિતાવહ રહેશે.

મકર (ખ, જ) : આવકનો પ્રવાહ સતત ચાલુ રહેશે, પરંતુ તમારી અણધારી આદતો અથવા બિનજરૂરી ખર્ચાઓને લીધે બચત કરવામાં થોડી મુશ્કેલી પડી શકે છે.

કુંભ (ગ, સ, શ, ષ) : પરિવારમાં ભાઈ-બહેનો સાથેના સંબંધો મધુર બનશે. સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ આંખો કે પેટ સંબંધિત નાની-મોટી તકલીફોથી સાવધ રહેવું.

મીન (દ, ચ, થ, ઝ) : નિર્ણયો લેવાની ક્ષમતામાં વધારો થશે, પરંતુ કોઈપણ મહત્વની ચર્ચા દરમિયાન તમારી વાણીમાં વિવેક અને ધીરજ જાળવી રાખવા.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

સોમવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

ખતલવાડાના વિકાસના તથા પડતર કામોને લઈ ધારાસભ્ય રમણભાઈ પાટકર સમક્ષ રજૂઆત કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા.૧૫ : ખતલવાડા ગામના સર્વાંગી વિકાસને વેગ આપવા તેમજ ગામમાં લાંબા સમયથી પડતર રહેલા વિકાસકાર્યો પૂર્ણ કરાવવા માટે ખતલવાડા ગામના સરપંચ સુરેન્દ્રભાઈ સહિત ગામના આગેવાનો ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન ગામના વિવિધ પ્રશ્નો, પ્રાથમિક સુવિધાઓ અને અધૂરા રહેલા વિકાસલક્ષી કામો અંગે ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.મુલાકાત દરમિયાન ગામમાં જરૂરી વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવા, પ્રાથમિક સુવિધાઓ વધુ સુદૃઢ બનાવવા તેમજ લાંબા સમયથી બાકી રહેલા કામોને વહેલી તકે પૂર્ણ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગામના નાગરિકોને પડતી મુશ્કેલીઓ અને સ્થાનિક સ્તરે જરૂરી વિકાસકાર્યો અંગે પણ ધારાસભ્યનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.ગામના સર્વાંગી વિકાસ માટે લોકપ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર વચ્ચે સંકલન જળવાઈ રહે તેમજ રજૂ કરાયેલા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તે હેતુથી આ મુલાકાત યોજાઈ હતી. ધારાસભ્ય રમણભાઈ પાટકર સમક્ષ ગામના પ્રશ્નો રજૂ કરી વિકાસકાર્યોને આગળ વધારવા માટે સહકારની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.આ રજૂઆતથી ખતલવાડા ગામના બાકી રહેલા વિકાસકાર્યોને -નાથમિકતા મળશે અને ગામમાં જરૂરી સુવિધાઓના વિકાસને નવી ગતિ મળશે તેવી આશા ગામના સરપંચ અને આગેવાનોએ વ્યક્ત કરી હતી.

અબ્રામા વિસ્તાર ના ૪ મકાન અને ૧ આંગણવાડીમાંથી લાખોની મતાની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૧૫ : વલસાડ ના અબ્રામા ના રાજન નગરમાં લાભ પાંચમના દિવસે તસ્કરોએ એકસાથે ચાર મકાન અને એક આંગણવાડીને નિશાન બનાવી લાખો ની મતાની ચોરી થઈ હોવાની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વલસાડ શહેર ના અબ્રામા વિસ્તાર ના રાજન નગરમાં રહેતા રાજેશ રતિલાલ ચૌહાણ, રતિલાલ ગાવીત અને કૈલાશબેન ગણેશભાઈ ઠાકોરના મકાન સહિત નજીકની એક આંગણવાડીના તાળાં તૂટ્યા હતા. આ અંગે ભોગ બનનાર રસિકભાઈ ગાવીતે જણાવ્યું હતું કે, તેમનો પરિવાર દિવાળીના તહેવારો નિમિત્તે વતન ગામ ગયો હતો. પરત ફરતા ઘરના તાળાં તૂટેલા જોવા મળ્યા હતા અને અંદર કબાટ તથા અન્ય સામાન વેરવિખેર હાલતમાં હતો. તસ્કરો ઘરમાંથી ચાંદીની મૂર્તિ અને સિક્કા સહિતની કિંમતી વસ્તુઓ ચોરી ગયા હતા. ચોરીની જાણ થતા જ અન્ય પરિવારના સભ્યો પણ તાત્કાલિક ઘરે પહોંચ્યા હતા અને આ અંગે વલસાડ સિટી પોલીસને જાણ કરી હતી.બનાવની જાણ થતા જ વલસાડ સિટી પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ તપાસ દરમિયાન વિસ્તારના CCTV ફૂટેજ માં બુરખો પહેરેલા ચાર શંકાસ્પદ શખ્સો રેલવે ટ્રેક તરફથી રાજન નગરમાં -વેશતા અને ચોરીની ઘટનાને અંજામ આપ્યા બાદ ફરી એ જ તરફ પાછા જતા નજરે પડ્યા છે.



હાલ વલસાડ સિટી પોલીસ અને LCBની ટીમોએ CCTV ફૂટેજના આધારે આ ચારેય બુરખાધારી શંકાસ્પદોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

વાપીના કાંતિભાઈ પટેલને 'ભારત પ્રતિભા રાષ્ટ્રીય સન્માન' એવોર્ડ એનાયત કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૫ : વાપી નજીક સલવાવના વતની અને પંચ કૈલાશી તરીકે જાણીતા કાંતિભાઈ પટેલે સાહસિક રમતો અને આધ્યાત્મિક સહનશક્તિના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપી વાપી સહિત સમગ્ર વલસાડ જિલ્લાનું અને ભંડારી સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમની આ વિશિષ્ટ સિદ્ધિ બદલ નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત 'ભારત પ્રતિભા રાષ્ટ્રીય સન્માન' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા છે.

નવી દિલ્હી સ્થિત ભારત પ્રતિભા સન્માન પરિષદ દ્વારા કાંતિભાઈ પટેલને આ રાષ્ટ્રીય સન્માન એનાયત કરવામાં આવ્યું છે. પરિષદ દ્વારા ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જારી કરવામાં આવેલા પ્રમાણપત્રમાં તેમની સિદ્ધિઓ, સતત પ્રયાસો, શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજ પ્રત્યેના સમર્પણની વિશેષ નોંધ લેવામાં આવી છે. સાહસિક રમતો અને આધ્યાત્મિક સહનશક્તિના ક્ષેત્રમાં કાંતિભાઈ પટેલે કરેલી કામગીરીને બિરદાવતાં પરિષદે જણાવ્યું હતું કે તેમની પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા સાથે રાષ્ટ્રનિર્માણમાં પણ અર્થપૂર્ણ યોગદાન આપી રહી છે. સાહસિકતા, સંકલ્પશક્તિ અને આધ્યાત્મિક દૃઢતાના સમન્વયથી પોતાની આગવી ઓળખ ઊભી કરનાર કાંતિભાઈ પટેલને મળેલું આ રાષ્ટ્રીય સન્માન વાપી અને વલસાડ જિલ્લા અને ભંડારી સમાજ માટે ગૌરવની બાબત બની છે. તેમની આ સિદ્ધિ બદલ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, અને ભંડારી સમાજના અગ્રણીઓએ તેમને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

ધોલાઈ ગામે પિતૃ મોક્ષાર્થે સપ્તદિવસીય શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૫ : એડવોકેટશ્રી સ્વ. નારણભાઈ રતનજીભાઈ ટંડેલ તથા ભીશાની પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે તા. ૧૪-૧૧-૨૦૨૬, શનિવારથી તા. ૨૦-૧૧-૨૦૨૬, શુક્રવાર સુધી સમદિવસીય શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પ.પૂ. શ્રી નિલેષબાપુના વ્યાસાસને દરરોજ બપોરે ૨ થી સાંજના ૫ વાગ્યા સુધી કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. કથાના પ્રારંભે બપોરે હિંમતભાઈ માવજીભાઈ ટંડેલ પરિવારના નિવાસસ્થાનેથી ભજન, ધૂન અને ગરબાની રમઝટ સાથે વાજતે-ગાજતે પોથી યાત્રા નીકળી કથા મંડપમાં પહોંચી હતી, જ્યાં પાદુકા પૂજન અને દિપ પ્રાગટ્યના



યજમાન પરિવારના સભ્યો એ સેવાનો લાભ લીધો હતો.હિંદુ ધર્મશાસ્ત્રો મુજબ પિતૃઓના મોક્ષ અને સદગતિ માટે શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ સર્વશ્રેષ્ઠ અને અત્યંત પુણ્યદાયી ગણાય છે. કથાના શ્રવણ માત્રથી મનુષ્યના જીવનમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે, પાપોનો નાશ થાય છે અને અંતે ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં સ્થાન પ્રાપ્ત થાય છે. ભીશાની પરિવાર દ્વારા આ પાવન અવસરે કથામૃતનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સુડોકુ નં.૩૦

2				6				4
5		7				2		1
			3		2			
7		4	8		9	6		3
		1				9		
3		5	1		6	4		7
			2		5			
4		9				7		8
8				9				5

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૯નો ઉકેલ

7	9	3	1	6	2	5	4	8
5	1	8	9	4	7	2	6	3
2	6	4	3	8	5	1	9	7
6	2	9	8	3	1	7	5	4
3	5	1	7	2	4	9	8	6
8	4	7	6	5	9	3	2	1
1	3	2	4	9	6	8	7	5
4	8	5	2	7	3	6	1	9
9	7	6	5	1	8	4	3	2

વલસાડ રેલવે સ્ટેશન પર છઠ યાત્રીઓનું ભવ્ય સ્વાગત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ , તા.૧૫ : લોકઆસ્થાના મહાપર્વ છઠ પૂજા નિમિત્તે પોતાના વતન જઈ રહેલા ઉત્તર ભારતીય શ્રદ્ધાળુઓ અને યાત્રીઓના સન્માનમાં વલસાડ રેલવે સ્ટેશન પર ભવ્ય સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ટ્રસ્ટ, વલસાડ ના શિવજી મહારાજ દ્વારા સ્ટેશન પરિસરમાં આકર્ષક રંગોળી દોરીને યાત્રીઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.



આ સેવાકીય અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં શહેરના અગ્રણીઓ અને રેલવે અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં શિવજી મહારાજ, વલસાડ નગરપાલિકાના ઉપ-મુખ આશુતોષ મિશ્રા, સામાજિક કાર્યકર જગદીશ મિશ્રા, રેલવેના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ પ્રદીપ આહિરે અને સ્ટેશન મેનેજર આર.સી. મીનાનો સમાવેશ થાય છે.

ઉપસ્થિત મહાનુભાવો અને ટ્રસ્ટના સભ્યોએ તમામ યાત્રીઓને જય છઠી મૈયાના નાદ સાથે છઠ મહાપર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને તેમની સુખદ તેમજ મંગલમય યાત્રા માટે પ્રાર્થના કરી હતી. મંદિર ટ્રસ્ટની આ પહેલને યાત્રીઓ અને સ્થાનિક નાગરિકોએ બિરદાવી હતી.

ઉમરગામ તાલુકામાં ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા.૧૫ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉમરગામ તાલુકામાં એક સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે સરીગામ ત્રણ રસ્તા ખાતે ધારાસભ્ય રમણભાઈ પાટકરની અધ્યક્ષતામાં પ્રભારી મુકેશભાઈ તિવારી સહિત ચૂંટાયેલા જન-તિનિધિઓ, સંગઠનના હોદેદારો અને કાર્યકરોએ ભગવાન બિરસા મુંડાની



પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી વંદન કર્યા હતા.ત્યારબાદ મરોલી ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. નારગોલ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યો હતો.ઉમરગામ શહેરના અકા મારુતિ સર્કલ ખાતે પણ નગરપાલિકાના કોર્પોરેટરો અને સંગઠનના હોદેદારોની ઉપસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

વલસાડ રેલવે સ્ટેશને ચાલુ ટ્રેને ૧.૩૯ લાખની મત્તા ભરેલી બેગ ચોરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : પુનાથી વડોદરા જઈ રહેલા એક ખાનગી કંપનીના મહિલા કર્મચારીની ઊંઘનો લાભ લઈ વલસાડ રેલવે સ્ટેશન પરથી ટ્રેન ઉપડ્યા બાદ કોઈ અજાણ્યો ચોરો એ ૧,૩૯,૮૩૯ ની કિંમતનો સામાન ભરેલી લેપટોપ બેગ ચોરી કરી ચાલુ ટ્રેનમાંથી ઉતરીને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે.

મૂળ વડોદરાના વતની અને હાલ પુના ખાતે ઈન્ફોસીસ કંપનીમાં નોકરી કરતા ૩૫ વર્ષીય કિનિબેન મનોજકુમાર જૈન ગત તા. ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે ખડકી (પુના) રેલવે સ્ટેશનથી વડોદરા આવવા માટે હઝરત નિઝામુદ્દીન સ્પેશિયલ એક્સપ્રેસ ના કોચ નં. બી/૦૧ માં સીટ નંબર ૦૮ પર મુસાફરી કરી રહ્યા હતા. મુસાફરી દરમિયાન તેઓ ઊંઘી ગયા હતા. દરમિયાન, તા. ૦૭/૧૧/૨૦૨૬ ના રોજ વહેલી સવારે આશરે ૦૩઼૪૫ વાગ્યે ટ્રેન વલસાડ રેલવે સ્ટેશનથી ઉપડી રહી હતી, ત્યારે કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમની સીટ પર રાખેલી કાળા કલરની લેપટોપ બેગ ઉઠાવીને ચાલુ ટ્રેનમાંથી નીચે ઉતરીને નાસી ગયો હતો. ફરિયાદીએ અચાનક જાગી જતા આ ઈસમને બેગ લઈને ટ્રેનમાંથી ઉતરતા જોયો હતો. ચોરાયેલી બેગમાં મુકેલા સોના-ચાંદી ના દાગીના ૧,૩૦,૦૦૦ ની કિંમતની સોનાની લકી અને ૨,૧૦૦ ની કિંમતની ચાંદીની વીંટી, ઈલેક્ટ્રોનિક સામાન એચ.પી. કંપનીનું લેપટોપ કિંમત ૫,૯૯૯ લેનોવો કંપનીનું કંપનીનું લેપટોપ, મોબાઈલ ચાર્જર કિં.૧,૦૦૦ અને હેડફોન્સ કિં. ૭૪૦ રૂપિયા તથા બેગમાં રાખેલા લેડીઝ પર્સમાં આધાર કાર્ડ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ઈન્ફોસીસ કંપનીનું આઈ.ડી. કાર્ડ તેમજ વિવિધ બેંકોના ડેબિટ અને ક્રેડિટ કાર્ડ્સ પણ હતા.

આ મામલે ભોગ બનનાર મહિલાએ કુલ ૧,૩૯,૮૩૯ ની ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આજે વાપી પંથકમાં જલારામ જન્મજયંતીની ઉજવણી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : વાપી પંથકમાં રામભક્ત અને સેવાભાવી સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે આજે ઠેરઠેર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે વહેલી સવારથી ભજન-કીર્તન, હવન, ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જ્યારે બપોરે અને સાંજે મહાઆરતી, થાળ તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

વાપીના નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર આવેલા શ્રી જલારામ સંસ્થાન, વાપી દ્વારા જન્મજયંતિ નિમિત્તે વહેલી સવારે ધ્વજારોહણ કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૯ વાગ્યે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું છે. બપોરે ૩ વાગ્યાથી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી ભજન-સંગીતનો કાર્યક્રમ યોજાશે. સાંજે ૬:૧૫ કલાકે મહાઆરતી અને થાળ ધરાવવામાં આવશે, જ્યારે સાંજે ૬:૩૦થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી ભાવિક ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વાપીના મુખ્ય બજારમાં આવેલા એકતા મિત્ર મંડળ, સિદ્ધનાથ મહાદેવ મંદિર મિત્ર મંડળ, અનાવિલ મિત્ર મંડળ, જલારામ મિત્ર મંડળ, મહાત્માગાંધી મિત્ર મંડળ, વાપી કોળીવાડ, ફલેશ્વર મહાદેવ મંદિર થર્ડફેઝ કોચરવા સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા પણ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. વાપી મનપાના તમામ ૧૩ વોર્ડમાં આવેલી વિવિધ સોસાયટીઓ, ફળિયાઓ અને ચણોદ કોલોની, અંબામાતા મંદિરે જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

મોગરાવાડી મોટા તળાવ કાંઠે છઠ્ઠ પૂજા કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : દર વર્ષની જેમ આ વર્ષે પણ વલસાડના મોગરાવાડી વિસ્તારમાં આવેલા મોટા તળાવ કાંઠે બિહારી સમાજ અને બિહાર કલ્યાણ પરિષદ દ્વારા છઠ મહાપર્વનું ભવ્ય આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં મહિલાઓ પૂજા અર્ચના કરી હતી.

વલસાડના મોગરાવાડી વિસ્તારમાં આવેલા મોટા તળાવ કાંઠે બિહારી સમાજ અને બિહાર કલ્યાણ પરિષદ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી પરંપરાગત રીતે છઠ મહાપર્વનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ પર્વને લઈને તળાવ કાંઠે માટીની વેદીઓ તૈયાર કરવા સહિતની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

આ પર્વ નિમિત્તે રવિવારે સાંજે ૪ વાગ્યાથી અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે, જ્યારે સોમવારે વહેલી સવારે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપીને છઠ મૈયાની પૂજા-અર્ચના કરવા માટે અંદાજે ૨,૦૦૦ થી ૨,૫૦૦ લોકો ઉપસ્થિત રહી અને ૧,૫૦૦ થી ૨,૦૦૦ જેટલા મહિલા અને પુરુષ શ્રદ્ધાળુઓ પૂજામાં ભાગ લીધો હતો. જેને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા માટે વલસાડનગર પાલિકા દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે નગરપાલિકાના ઉપપ્રમુખ આશુતોષ મિશ્રાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષથી અહીં છઠ પૂજાનું આયોજન થાય છે. નગરપાલિકા દ્વારા સફાઈ, તળાવમાં ઉતરવા માટે ગેટ ખોલવાની વ્યવસ્થા, ફાયર સેફટી માટે તળાવની આસપાસ દોરડા બાંધવા તેમજ બોટની સુવિધામાં સંપૂર્ણ સહયોગ આપવામાં આવે છે. બિહાર કલ્યાણ પરિષદના મનોજકુમારે છઠ પૂજાનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, સંતાન, પતિ અને પરિવારના સુખ-શાંતિ, સમૃદ્ધિ તથા સારા સ્વાસ્થ્ય માટે આ વ્રત અને પૂજાનું વિશેષ મહત્વ છે. આ ઉપરાંત શ્રદ્ધાળુઓ બીમારીઓમાંથી મુક્તિ મળે અને માનતા પૂરી થાય તે માટે પણ છઠ મૈયાની પૂજા કરે છે. દર વર્ષે આ પૂજાની સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

ખેરગામની ૧૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે બેઠક જાહેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા.૧૧ : નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાની સને-૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૨૨ ગ્રામ પંચાયતના સરપંચની બેઠકની વિગત મનીષ ગુરુ વાણી-જિલ્લા સમાહર્તાશ્રીએ જાહેર કરી છે.

જેમાં અનુસુચિત આદિજાતિની સરપંચની ૧૧ બેઠક માટે પુરુષો અને ૧૧ બેઠક પર સ્ત્રીઓ જ સરપંચ બનશે. નાંધઈ, બહેજ, જામનપાડા, રૂઝવણી, આછવણી, ભૈરવી, નારણપોર, ખેરગામ, પણંજ અને વાવ ગામમાં પુરુષો સરપંચ બનશે જ્યારે બાકીના ૧૧ ગ્રામ-ગૌરી, નડગધરી,પાટી, નડગધરી પેલાડીભૈરવી, વડપાડા, ડેબરપાડા, તોરણવેરા, કાકડવેરી, પાણીખડક, ચીમનપાડા અને ધામધુમામા મહિલાઓ માટે અનામત હોય નારી જ સરપંચ બનશે. આમ ખેરગામ તાલુકામાં પુરુષ અને મહિલાઓ વચ્ચે ૫૦/૫૦ ટકા સરપંચપદની વહેંચણી થઈ છે.

સાપુતારા પોલીસે મહિલાને મંગળસૂત્ર શોધી આપ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૧૫ : સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંઘ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને આહવા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડિમરીના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ સ્ટેશન દ્વારા ઉત્કૃષ્ટ અને સંવેદનશીલ કામગીરી કરવામાં આવી છે. ગત તા. ૧૪/૧૧/૨૦૨૬ના રોજ મુંબઈના અંધેરી વિસ્તારમાં રહેતા અરજદાર પ્રાચીબેન અનિષભાઈ દેસાઈ પોતાના પરિવાર સાથે સાપુતારા ખાતે ફરવા આવ્યા હતા. તે દરમિયાન તેમના ગળામાંથી અંદાજે ૧,૦૦,૦૦૦/- ની કિંમતનું સોનાનું મંગળસૂત્ર ક્યાંક ગુમ થઈ ગયું હતું.આ અંગે અરજદાર બહેને સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે આવીને મંગળસૂત્ર ગુમ થયાની જાણ કરી હતી. સાપુતારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારિયા અને તેમની ટીમે અરજદારની ફરિયાદને ગંભીરતાથી લઈને ત્વરિત તપાસ હાથ ધરી હતી. પોલીસે ટેક્નિકલ રિસોર્સિસ, સીસીટીવી ફૂટેજ તેમજ હ્યુમન સોર્સની મદદથી ઝીણવટભરી તપાસ ચલાવીને ગણતરીના કલાકોમાં જ ખોવાયેલું સોનાનું મંગળસૂત્ર શોધી કાઢ્યું હતું.

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન...

મહિલાઓ સંચાલિત જીરવલ દૂધ ઉત્પાદન સહકારી મંડળી લિ.

શ્રીમતી શાંતાબેન મહેશભાઈ પાડવી - પ્રમુખશ્રી

શ્રી ઉત્તમભાઈ રતનભાઈ ગાંવિત - મંત્રીશ્રી

વ્યવસ્થાપક સમિતિના સભ્યો

શ્રીમતી સુમિત્રાબેન શુક્કરભાઈ ગાંવિત
શ્રીમતી કલ્પનાબેન પ્રવિણભાઈ પાડવી
શ્રીમતી વર્ષાબેન ગણેશભાઈ ગાંવિત
શ્રીમતી રીનાબેન ગીરીશભાઈ બારીયા
શ્રીમતી ઝીપરાબેન બુધિયાભાઈ ભાંવર
શ્રીમતી જમનાબેન દાનજીભાઈ ભોયા
શ્રીમતી મીનાબેન ગુલાબભાઈ ગાંગોડા
શ્રીમતી દક્ષાબેન અરવિંદભાઈ ગાંવિત
શ્રીમતી સરસબેન બાપુભાઈ રડીયા
શ્રીમતી રીનાબેન કુરશનભાઈ રડીયા

કર્મચારીગણ : શ્રી પ્રવિણભાઈ કસ્તુરભાઈ પાડવી, શ્રી ગણેશભાઈ લક્ષ્મણભાઈ, શ્રીમતી સવિતાબેન રમણભાઈ ભસરા
આંતરિક ઓડીટરશ્રી : શ્રી રાજેશભાઈ ધાકલભાઈ પાડવી, શ્રી આશિષભાઈ ભાયલભાઈ પવાર, શ્રી મનુભાઈ ભીકનભાઈ સિંદા

દિપાવલી તથા મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત વણજાર ફળિયા ફલધરા દૂધ ઉત્પાદન સહકારી મંડળી લિ.

શ્રીમતી કલ્પનાબેન દિલીપભાઈ પટેલ - પ્રમુખશ્રી
શ્રીમતી લીલાબેન જયેશભાઈ પટેલ - મંત્રીશ્રી

વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતિ સવિતાબેન ઠાકોરભાઈ આહીર
શ્રીમતી લલીતાબેન પ્રવિણભાઈ પટેલ
શ્રીમતી ભારતીબેન પ્રકાશભાઈ પટેલ
શ્રીમતી કમળાબેન બાબુભાઈ પટેલ
શ્રીમતી મંજુબેન જ્યંતિભાઈ પટેલ
શ્રીમતી સગુણાબેન ડાહ્યાભાઈ પટેલ
શ્રમતી શર્મિલાબેન ઈલેશભાઈ પટેલ
શ્રીમતી શંકુલતાબેન સુનિલભાઈ પટેલ

: કર્મચારી ગણ :
શ્રીમતી પુષ્પાબેન નિલેશભાઈ પટેલ, શ્રીમતી ગીતાબેન વિપુલભાઈ પટેલ, શ્રીમતી કિન્નરીબેન વિમલભાઈ પટેલ
આંતરિક ઓડીટર : શ્રીમાન ખંડુભાઈ બી. પટેલ, હસમુખભાઈ ઝીણાભાઈ પટેલ

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન...

મહિલા સંચાલિત વાંઝરી ફળિયા, સોનવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મંડળી લિ.

પ્રમુખશ્રી: શ્રીમતી મંજુલાબેન અરવિંદભાઈ પટેલ મંત્રીશ્રી : શ્રી ઘનસુખભાઈ બી. પટેલ

વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતિ વનિતાબેન સુરેશભાઈ પટેલ
શ્રીમતી છાયાબેન મુકેશભાઈ પટેલ
શ્રીમતી ભારતીબેન રસિકભાઈ પટેલ
શ્રીમતી કમળાબેન ઘનસુખભાઈ પટેલ
શ્રીમતી પાર્વતીબેન અશોકભાઈ પટેલ
શ્રીમતી મીનાબેન બાલુભાઈ પટેલ
શ્રીમતી સવિતાબેન સતિષભાઈ પટેલ
શ્રીમતી ઈચ્છાબેન બાબુભાઈ પટેલ

કર્મચારીગણ : શ્રી નિતેશકુમાર અરવિંદભાઈ પટેલ, શ્રીમતી ગલુબેન નગીનભાઈ પટેલ
આંતરિક ઓડિટર : શ્રી અશોકભાઈ ગમનભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ

નૂતનવર્ષ મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ નૂતનવર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત પરવાસા દૂધ ઉત્પાદન સહકારી મંડળી લિ.

પ્રમુખશ્રી:- શ્રીમતી નિરૂબેન સુમનભાઈ પટેલ
શ્રી સુભાષભાઈ નગીનભાઈ પટેલ

વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતી પુનિતાબેન સુધીરભાઈ પંડ્યા
શ્રીમતી સીતાબેન ઈશ્વરભાઈ પટેલ
શ્રીમતી સરસ્વતીબેન નરેશભાઈ પટેલ
શ્રીમતી કૈલાશબેન હસમુખભાઈ ટેલ
શ્રીમતી સરલાબેન દિનેશભાઈ પટેલ
શ્રીમતી પુષ્પાબેન દિનેશભાઈ પટેલ
શ્રીમતી ઉમાબેન નાનુભાઈ આહીર
શ્રીમતી મધુબેન નારણભાઈ આહીર

કર્મચારીગણ : શ્રી પિન્કલભાઈ હિરાભાઈ પટેલ
શ્રીમતી શિલ્પાબેન શૈલેષભાઈ પટેલ
શ્રીમતી નિલમબેન સચીનભાઈ પટેલ
આંતરીક ઓડીટર:-શ્રીમતી પુષ્પાબેન નવીનભાઈ પટેલ

દિપાવલી મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત વડખંભા દૂધ ઉત્પાદન સહકારી મંડળી લિ.

શ્રીમતી પાર્વતીબેન રાજેશભાઈ ગાંવિત - પ્રમુખશ્રી
શ્રી જગદીશભાઈ રતનભાઈ ગાંવિત - મંત્રીશ્રી

વ્યવસ્થાપક સમિતિના સભ્યો

શ્રીમતી સુલીકાબેન કરસનભાઈ ગાંવિત
શ્રીમતી જશુબેન સુરેશભાઈ ચૌધરી
શ્રીમતી ભારતીબેન ગજુભાઈ માહલા
શ્રીમતી નીરૂબેન શૈલેષભાઈ માહલા
શ્રીમતી મનિષાબેન જીતુભાઈ ભોયા
શ્રીમતી સંગીતાબેન મનોજભાઈ ગાંવિત
શ્રીમતી મનિષાબેન સતીષભાઈ ગાંવિત
શ્રીમતી રસીતાબેન રામાભાઈ ભોયા

કર્મચારીગણ : શ્રી મહેશભાઈ વજીરભાઈ ગાંવિત, શ્રી ઉખેડભાઈ અબ્દુલભાઈ માહલા
આંતરિક ઓડીટરશ્રી : શ્રી ગજુભાઈ ધીરૂભાઈ માહલા

દિપાવલી તથા મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત ભોયપાડા હનમતમાળ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

શ્રીમતી શર્મિલાબેન ચિંતુભાઈ પવાર - પ્રમુખશ્રી
શ્રીમતી હસુમતીબેન પરસુભાઈ ભોયા - પ્રમુખશ્રી

તથા વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતી મીનાબેન રમેશભાઈ ગાંવિત
શ્રીમતી યેશાલીબેન વિજયભાઈ ગાંવિત
શ્રીમતી વસંતીબેન કમલેશભાઈ માહલા
શ્રીમતી હાવસીબેન નાનુભાઈ કાહડોળીયા
શ્રીમતી પુષ્પાબેન હરેશભાઈ ગાંવિત
શ્રીમતી સુમિત્રાબેન રમેશભાઈ ભોયા
શ્રીમતી સુંદરબેન બુધ્ધાભાઈ રાઉત
શ્રીમતી રેશ્માબેન જગદીશભાઈ રાઉત

: કર્મચારી ગણ :
શ્રી પરસુદભાઈ નેવજીભાઈ વાકું, શ્રી ધીરૂભાઈ સતેભાઈ માહલા, શ્રી રણજીતભાઈ શનાભાઈ કોટીયા
આંતરીક ઓડીટર : શ્રી માહરૂભાઈ કાળુભાઈ ભોયા, શ્રી ચુનીલાલ શકારામભાઈ માહલા

દિપાવલી તથા મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત કાજલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

શ્રીમતી કલ્પનાબેન ગણેશભાઈ પવાર - પ્રમુખશ્રી
શ્રી પ્રભુભાઈ ઘનજીભાઈ ભોયા - પ્રમુખશ્રી

વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતી મીરાબેન મહેશભાઈ ગાંવિત
શ્રીમતી દક્ષાબેન શૈલેષભાઈ ભોયા
શ્રીમતી જનકબેન રમણભાઈ પવાર
શ્રીમતી રસિલાબેન રાજેશભાઈ ગાંવિત
શ્રીમતી હિનાબેન અશોકભાઈ ભોયા
શ્રીમતી સુમિત્રાબેન ખુશાલભાઈ ચૌધરી
શ્રીમતી વર્ષાબેન હિતેશભાઈ મહાકાળ
શ્રીમતી સુમિત્રાબેન રાજુભાઈ જાદવ

: કર્મચારી ગણ :
શ્રી જેસિંગભાઈ રડકાભાઈ પવાર, શ્રી કમલેશભાઈ રતનાભાઈ ગાંવિત
આંતરિક ઓડીટર : શ્રી સંજયભાઈ સોનજીભાઈ ભોયા

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન...

શ્રી મહિલાઓ સંચાલિત સામારપાડા, દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

શ્રીમતી સાધનાબેન ભરતભાઈ પટેલ - પ્રમુખશ્રી
શ્રીમતી રીનાબેન અનિલભાઈ પટેલ - પ્રમુખશ્રી

તથા વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતી ઈન્દુબેન ઘનેશભાઈ પટેલ
શ્રીમતી ભારતીબેન સુરેશભાઈ પટેલ
શ્રીમતી રોશનબીબી મજીદમીયા શેખ
શ્રીમતી સુરેખાબેન સુભાષભાઈ પટેલ
શ્રીમતી રમીલાબેન ગણેશભાઈ પટેલ
શ્રીમતી મીરાબેન દિલીપભાઈ પટેલ
શ્રીમતી શારદાબેન નટુભાઈ પટેલ
શ્રીમતી સાવિત્રીબેન અરવિંદભાઈ પટેલ

કર્મચારીગણ : શ્રીમતી રમીલાબેન ગણપતભાઈ પટેલ, શ્રીમાન સંદિપભાઈ મોહનભાઈ પટેલ
આંતરિક ઓડિટર : શ્રી દેવસીભાઈ કરસનભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ કલ્યાણજી પટેલ

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત જલારામ (ફલધરા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

શ્રીમતી કંચનબેન દિનેશભાઈ પટેલ - પ્રમુખશ્રી
શ્રી રમણભાઈ રડકાભાઈ પટેલ - મંત્રીશ્રી

વ્યવસ્થાપક સમિતિના સભ્યો

શ્રીમતી ચંચળબેન દશરથભાઈ પટેલ, શ્રીમતી રાધાબેન કાંતિલાલ પટેલ
શ્રીમતી ઉર્વશીબેન સુભાષભાઈ પટેલ, શ્રીમતી હંસાબેન સતિષભાઈ પટેલ
શ્રીમતી રાધાબેન કેશવભાઈ પટેલ, શ્રીમતી ધનુબેન જ્યંતિભાઈ પટેલ
શ્રીમતી લીલાબેન ઠાકોરભાઈ પટેલ, શ્રીમતી જ્યોત્સનાબેન નૈલેષભાઈ પટેલ

કર્મચારી ગણ
શ્રી ચેતનભાઈ જગાભાઈ પટેલ, યોગેશભાઈ કરસનભાઈ પટેલ

આંતરિક ઓડિટર
શ્રી નૈલેષભાઈ છનાભાઈ પટેલ

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન

મહિલાઓ સંચાલિત રાજપુરી જંગલ ઉત્પાદક સહકારી મંડળી લિ.

શ્રીમતી શીલાબેન એચ. મુહુડુકર- પ્રમુખશ્રી
શ્રી સતિષભાઈ એલ. દળવી - મંત્રીશ્રી

વ્યવસ્થાપક કમિટિના સભ્યો

શ્રીમતી પાર્વતીબેન રાજુભાઈ, શ્રીમતી ઉર્મિલાબેન વીજેશભાઈ
શ્રીમતી શાંતીબેન વીજેશભાઈ, શ્રીમતી સંગીતાબેન મહેન્દ્રભાઈ,
શ્રીમતી વર્ષાબેન ભાવેશભાઈ, શ્રીમતી પ્રવિતાબેન રમેશભાઈ,
શ્રીમતી વનીતાબેન મંગલભાઈ, શ્રીમતી નજીબેન રંગલભાઈ


કર્મચારીગણ : શ્રી સુરેશભાઈ બેન્ડુભાઈ ઘનગર્યા
શ્રી શૈલેષભાઈ ગોમજીભાઈ દળવી
આંતરિક ઓડીટર : શ્રી ભરતભાઈ સોમાભાઈ પવાર
શ્રી છગનભાઈ ભાયજનભાઈ કુંવર

વિશેષ વાંચન

હવે ઈતિહાસની ચોરી?

વિશ્લેષણ
કુન્દન વ્યાસ

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિયેતનામની યાત્રાએ જતાં પહેલાં મોદી સરકારના છેલ્લા દિવસો ગણાઈ રહ્યા હોવાનું કહ્યું છે અને સંજય રાઉતે કહ્યું રાહુલજી સ્વદેશ પાછા ફરે કે તરત શાસનપલટો શરૂ થશે ! સંજય રાઉતે યુરોપ - ફ્રાન્સમાં યુવાઓનાં આંદોલનનો ઉલ્લેખ કર્યો અને આલ્બેનિયામાં સુપ્રીમ કોર્ટ ઉપર હુમલો થયાના અહેવાલનો વારંવાર ઉલ્લેખ કરીને ભારતીય સપ્રીમ કોર્ટને જાણે આડકતરી ધમકી આપી ! આ પહેલાં પણ એમણે ન્યાયમૂર્તિઓ માટે અસભ્ય વિશેષણો વાપરીને માફી માગવી પડી હતી. કદાચ એમને શંકા છે કે ચુકાદો વિરુદ્ધમાં આવશે તેથી હવે આવી આડકતરી ધમકીઓ આપે છે ! દેશભરમાં જંતર - મંતર વ્યાપક બનવાની, બાંગલાદેશનું પુનરાવર્તન થવાની અને શાસનતંત્ર બદલવાની ધમકી પણ અપાઈ રહી છે ! આ લડાઈમાં ઈમર્જન્સીની યાદ વારંવાર અપાઈ છે અને રેજિમ ચેન્જ પ્રશાસનતંત્ર બદલાવવા માટે બાંગલાદેશ જેવા આંતરવિગ્રહ ખૂનખરાબા અર્થાત્ ખૂનામરકી થવાનો કે કરવાની ગર્ભિત ધમકી પ્રશાંત ભૂષણ - જાણીતા વકીલે આપી છે. તેઓ દેશમાં બળવો કરવા માગે છે કે ક્રાંતિ ? આ નેતાઓ દિલ્હીમાં હાથમાં તિરંગો લઈને રાષ્ટ્રપિતાની સમાધિ રાજઘાટ ઉપર આંદોલનની શરૂઆત કરીને બળવાખોર બન્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે આંદોલન શરૂ કરનારા કોકરોચ પાર્ટીના અભિજિત દીપકેના હાથમાં દોર હોય એમ લાગતું નથી. ડાબેરીઓ - અંતિમવાદીઓ હવે આગેવાની કરી રહ્યા છે. અરાજકતા અને ખૂનખરાબી કરવાનો વ્યૂહ - વિચારધારા છતી થઈ ગઈ. પ્રશાંત ભૂષણે જાહેરાત કરીને કબૂલાત કરી પછી રાહુલ ગાંધી કે અન્ય કોઈ જવાબદાર નેતાએ રદિયો આપ્યો નથી, પણ ડેમેજ કંટ્રોલ કરવા માટે ૧૯૭૭નું ઉદાહરણ આપી રહ્યા છે કે સત્તા પરિવર્તન લોકતાંત્રિક ચૂંટણીથી થશે. વાસ્તવમાં વિપક્ષને વિજયનો વિશ્વાસ નથી. જનતાને વિરોધ પક્ષો ઉપર વિશ્વાસ નથી તેથી જ અરાજકતાનાં બણગાં ફૂક્યાં છે અને હવે ડેમેજ કંટ્રોલ કરવા ચૂંટણીની વાત કરે છે ! મોદીએ જનતાનો વિશ્વાસ મેળવ્યો છે, ટકાવ્યો છે, સબ કા સાથ - વિશ્વાસ અને વિકાસની ખાતરી લઘુમતીઓને પણ થઈ છે ગરીબી હટાઓનાં માત્ર સૂત્ર અને વચન આપ્યાં નથી. વિપક્ષો પાસે આંદોલન અને અરાજકતા સિવાય કયો મુદ્દો છે ? વિરોધ પક્ષોને લોકતંત્રમાં વિશ્વાસ હોય તો સંસદમાં હો - હા અને બહિષ્કાર કરવાને બદલે સંવાદ માટે તૈયારી બતાવી હોત, પણ વિદ્યાર્થી આંદોલનને રાજકીય લડાઈનું સ્વરૂપ અપાયું છે. હવે ચૂંટણી ઉપર પણ ભરોસો નથી, છતાં લોકતાંત્રિક રીતે સત્તા મેળવાશે એવો બચાવ કરી રહ્યા છે. મતદારયાદીઓ પછી વોટિંગ મશીનો સ્વીકાર્ય નથી. ફરીથી મતપત્રકો આધારિત ચૂંટણીની માંગ શરૂ થઈ છે. આ રીતે લોકોને ચૂંટણીમાં અને લોકશાહીમાં અવિશ્વાસ રહે તો અસ્થિરતા અને અરાજકતા સર્જાય ત્યારે વિરોધ પક્ષો તેનો પહેલો ભોગ બનશે. વિપક્ષો હવે ડેમેજ કન્ટ્રોલ કરવા માટે કહે છે કે અમે સત્તા -રેજિમ પરિવર્તન આ રીતે કરવા માગીએ છીએ, પણ વિપક્ષી એકતાની પરીક્ષા ચૂંટણીમાં થશે. જો ચૂંટણી દરમિયાન હિંસાચાર અને અરાજકતા ઊભી કરવાના પ્રયાસ થાય તો જનતા વિરોધ પક્ષોને નહીં સ્વીકારે, ભારતમાં સંસદીય લોકશાહી અને આઝાદી બચાવવાની જવાબદારી આખરે નાગરિકો - લોકોની છે. મુખ્ય પ્રશ્ન એ છે કે ભારતમાં શાસનતંત્ર કેવી રીતે બદલી શકાય ? કોકરોચના આગેવાનો કહે છે કે આજે દેશમાં ૧૯૭૫ની ઈમર્જન્સી જેવી સ્થિતિ છે ! પણ આ લોકોએ પચાસ વર્ષ પહેલાંની ઈન્દિરા ગાંધીની ઈમર્જન્સી જોઈ નથી. જેન - ઝી - ત્રીસ વર્ષ સુધીની વયના - યુવાવર્ગે ઈમર્જન્સીનો ઈતિહાસ જાણવો જોઈએ અને ૧૯૭૭માં સરકાર બદલાઈ તે સંજોગો પણ જાણવા જોઈએ. કારણો અને પરિણામ જાણવાં જોઈએ. ૧૯૬૯માં શાસકપક્ષ કોંગ્રેસમાં ભવ્ય ભંગાણ પડયું અને ઈન્દિરા ગાંધી વડાપ્રધાન બન્યાં, ત્યારથી રાજકારણ બદલાયું. ભ્રષ્ટાચાર સામે લોકોએ અવાજ ઉઠાવ્યો. ગુજરાતમાં નવનિર્માણ આંદોલનના સૂત્રધાર વિદ્યાર્થી નેતાઓ જ હતા અને ભ્રષ્ટાચારી રાજ્ય સરકાર ગઈ. આંદોલન નવેસરથી ચૂંટણી માટે હતું. વિધાનસભાની નવેસરથી ચૂંટણી આપવાની ઈન્દિરા ગાંધીને ફરજ પડી. ગુજરાત પછી બિહારમાં લોકનાયક જયપ્રકાશ નારાયણે કોંગ્રેસની ભ્રષ્ટાચારી સરકાર સામે આંદોલન શરૂ કર્યું. સમગ્ર દેશમાં અશાંતિ અને અજંપો હતો. આ દરમિયાન ઈન્દિરા ગાંધીએ લોકસભાની રાયબરેલી બેઠકની ચૂંટણીમાં સરકારી સાધનો વાપર્યાં હોવાથી મામલો કોર્ટમાં ગયો હતો તેનો ચુકાદો એમની વિરુદ્ધ આવ્યો, પણ સુપ્રીમ કોર્ટે વડાપ્રધાનપદે ચાલુ રહી શકે, પણ લોકસભામાં વોટ આપી નહીં શકે એવો ચુકાદો આપ્યા પછી એમને હટાવવાની જોરદાર માંગ સાથે આંદોલન દેશભરમાં શરૂ થયું. તત્કાલીન સમયમાં આંદોલનનું સ્થળ સંસદ ભવનની નજીક હતું. રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી પથરાયેલા રાજપથની બન્ને બાજુએ વિશાળ મેદાન અને પાણીની નહેર હતી, તે બોટ ક્લબનાં મેદાનમાં સભાઓ ભરાતી હતી. જયપ્રકાશજીએ આ સ્થળે ભારે વિશાળ મેદનીને સંબોધતાં પોલીસ તથા સેનાને આહ્વાન કર્યું કે ઈન્દિરા સરકારના ગેરબંધારણીય આદેશોનો અમલ કરવો નહીં - ઈન્દિરા ગાંધી સામે બળવો પોકારવાનો આરોપ લાગ્યો - અને ૧૯૭૫ના ૨૫મી જૂનની મધરાતે તમામ વિપક્ષી નેતાઓની ધરપકડ થઈ. આંતરિક કટોકટી - ઈમર્જન્સી જાહેર થઈ. ઈન્દિરા ગાંધીએ સુપ્રીમ કોર્ટના ત્રણ સિનિયર ન્યાયમૂર્તિને હાંસિયામાં રાખીને કહ્યાગરા - કમિટેડ જજને ચીફ જસ્ટિસ બનાવ્યા હતા. ઈમર્જન્સીના ઓગણીસ મહિના દરમિયાન નાગરિકોને સંવિધાને બક્ષેલા મૂળભૂત અધિકારો સસ્પેન્ડ કરવામાં આવ્યા. પ્રેસ સેન્સરશિપ લાદવામાં આવી. કિશોરકુમારે સંજય ગાંધીના કાર્યક્રમમાં ગીત ગાવાનો ઈન્કાર કર્યો, તેથી ઓલ ઈન્ડિયા રેડિયો - દૂરદર્શન ઉપર એમને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા. સમસ્ત ભારત એક વિશાળ જેલ બની ગયું, પત્રકારો અને ન્યાયાધીશો નિશાના ઉપર હતા. વિદેશી પત્રકારો દેશનિકાલ થયા અને ભારતીય પત્રકારો - ત્રણસોથી વધુ જેલમાં ગયા. સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ હતું. કોઈ પોતાના સ્વતંત્ર વિચાર વ્યક્ત કરવા તૈયાર ન હતા. હિંમત ન હતી - સરકારી જાસૂસોની જાળમાં સપડાવાનો ડર હતો. આવું વાતાવરણ ઓગણીસ મહિના સુધી રહ્યું. પછી ઈન્દિરા ગાંધીને આશા - વિશ્વાસ હતો કે લોકોએ ઈમર્જન્સીને સ્વીકારીને સમર્થન આપ્યું છે તેથી ચૂંટણી યોજીને કાયદેસર સત્તા મેળવવાનો ઈરાદો હતો. વિપક્ષી નેતાઓને છેલ્લી ઘડીએ જેલમુક્ત કર્યા, પણ જેલવાસ દરમિયાન વિપક્ષી એકતા દૃઢ થઈ હતી અને ચૂંટણીમાં નિરક્ષર ગણાતા, ગરીબ લોકોએ કોઠાસૂઝથી મત આપ્યા. ૧૯૪૭ પછી ૧૯૭૭માં ફરીથી આઝાદી મળી. આ સત્તા પરિવર્તન લોકતાંત્રિક હતું. રક્તવિહીન ક્રાંતિ હતી. સંવિધાન સર્વોપરી છે એમ સાબિત થયું. બાંગલાદેશ નહીં, હવે ફ્રાન્સની ઘટનાઓ ઉપર સૌનું ધ્યાન છે. વિદ્યાર્થીઓનું આંદોલન ડાબેરી પક્ષો અને વિદેશી વસાહતીઓ (નિરાશ્રિતો)એ ઉપાડી લીધું અને ત્યાંની સરકાર સામે જાણે બળવો થયો. ફ્રાન્સમાં ડાબેરીઓની હડતાળો અને આંદોલનોની નવાઈ નથી. ઈતિહાસ છે, ફ્રાંસ પછી



યુરોપના અન્ય દેશો ઈટાલી, સ્પેન, આલ્બેનિયા - સુધી તોફાનો પ્રસર્યાં છે. મૂળ કારણમાં પાકિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન તથા આફ્રિકાના દેશોમાંથી લોકોનાં ધાડેધાડાં યુરોપમાં આશ્રય લેવા આવ્યાં અને આશ્રય મળ્યો તે છે. ફ્રાન્સમાં જ આઠ લાખ આશ્રિતો છે. ભારતમાં પણ આવી રીતે વોટ બેન્ક શરૂ થઈ, તેથી લોકતંત્રનું શુદ્ધીકરણ કરવા, અપહરણ થતું રોકવા કાર્યવાહી શરૂ થઈ એટલે વિપક્ષોને સત્તા મળવાની આશા નથી. પરિણામે અરાજકતાથી શાસન - તખતો પલટાવવાનાં સપનાં જોવા લાગ્યા અને ભારતના વિઘ્નસંતોષીઓ - દુશ્મનોની મદદ મળી છે. વડાપ્રધાન મોદીએ યોગ્ય કહ્યું છે કે ભારતના દુશ્મનો અને દેશદ્રોહીઓનાં ષડ્યંત્ર નિષ્ફળ બનાવવા માટે તમામ પક્ષો - લોકોએ એકતાથી લડત આપવાની છે. ભાજપ નહીં, ભારતનો વિરોધ છે. વિશ્વમાં મોટી મહાન લોકશાહીનો વિરોધ છે. આશ્રય મળ્યા પછી હક - દાવા અને દાદાગીરી વધી છે અને વિશ્વમાં પચાસ જેટલી એજન્સીઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને આગમાં તેલ હોમે છે. વાસ્તવમાં આપણા જ વિદ્યાર્થીઓ કે લોકો આપણી જ જાહેર સંપત્તિ શા માટે તોડે, બાળે ? ઈન્દિરાજીનો આક્ષેપ હતો કે વિદેશી હાથ અર્થાત્ અમેરિકન સીઆઈએ ભારતમાં અસ્થિરતા જગાવવા એમને દૂર કરવા માગે છે - હત્યાનું કાવતરું હોવાનો આક્ષેપ હતો - આજે ભારતમાં કોનો - વિદેશી હાથ કામ કરે છે ?

સંવત ૨૦૮૩ના આ પાંચ સંકલ્પો પર વિચાર કરવા જેવો છે !

પૌરુષ



અંકિત દેસાઇ,
ટુકવાડા

વિક્રમ સંવત ૨૦૮૩નું પાવન વર્ષ આપણી સમક્ષ એક નવું કેનવાસ લઈને પ્રગટ થયું છે, જ્યાં સમયના રંગોથી આપણી જિંદગીનું આગામી ચિત્ર કંડારાવાનું છે. નવા વર્ષની શરૂઆતમાં અસંખ્ય શુભેચ્છાઓ આપલે થાય છે, કેલેન્ડર બદલાય છે, દિવાલો પર નવા પંચાંગ ટંગાય છે, પરંતુ આ બાહ્ય પરિવર્તનની વચ્ચે જો આંતરિક પરિવર્તનની કોઈ દીવાદાંડી પ્રગટ ન થાય, તો સમયનું ચક્ર માત્ર આગળ વધે છે, આપણી ચેતના નહીં. આજકાલ નવા વર્ષના સંકલ્પો એટલે કે 'ન્યૂ યર રેઝોલ્યુશન્સ' એક ટ્રેન્ડ બની ગયા છે, જે જીમના સભ્યપદથી શરૂ થઈને પહેલા જ અઠવાડિયામાં વિસરાઈ જતા હોય છે. પરંતુ એક પુરુષ તરીકે, એક પિતા, પતિ, પુત્ર અને નાગરિક તરીકે આપણી ભૂમિકા માત્ર અસ્થાયી ઉત્સાહથી નહીં, પરંતુ ગાઢ તર્ક, આત્મમંથન અને દીર્ઘદ્રષ્ટિથી સંચાલિત થવી જોઈએ. પુરુષાર્થ એ માત્ર રોજીરોટી કમાવવાનું સાધન નથી, પણ પોતાના અસ્તિત્વને ઊંચા આયામો આપવાની અગ્નિપરીક્ષા છે. સંવત ૨૦૮૩ના આ ઉંબરે ઊભા રહીને, એક પુરુષે પોતાના જીવનને વધુ અર્થપૂર્ણ, સંયમિત અને પ્રભાવશાળી બનાવવા માટે પાંચ અત્યંત ગંભીર અને તર્કપૂર્ણ સંકલ્પો ધારણ કરવા અનિવાર્ય છે, જે આપણી આસપાસની દુનિયા અને આપણા પોતાના ભીતરના જગતમાં એક સકારાત્મક ભૂકંપ સર્જવાની તાકાત ધરાવે છે.

પહેલો અને સૌથી મહત્ત્વપૂર્ણ સંકલ્પ આત્મનિરિક્ષણ અને મૌનનો અભ્યાસ છે. આજના અતિ-જોડાણવાળા અને સતત ઘોંઘાટથી ભરેલા ડિજિટલ યુગમાં પુરુષ હોવાનો અર્થ એવો સમજવામાં આવે છે કે તેણે હંમેશાં બોલતા રહેવું, દરેક વિવાદ પર પોતાની પ્રતિક્રિયા આપવી અને સતત સક્રિય દેખાવું. સોશિયલ મીડિયાની દીવાલો પર પોતાના મંતવ્યોનો મારો ચલાવવો એ આધુનિક પુરુષની મજબૂરી બની ગઈ છે. પરંતુ સંવત ૨૦૮૩માં આપણે આ માનસિક વ્યાધિમાંથી મુક્તિ મેળવવાની જરૂર છે. વાણી એ વિચારોનું પ્રાગટ્ય છે, પણ અતિશય વાણી એ શક્તિનો વ્યય છે. મૌન એ કોઈ નિર્બળતા નથી, પણ એ તો આંતરિક શક્તિનો સંગ્રહ છે. જ્યારે પુરુષ અંદરથી શાંત હોય છે, ત્યારે જ તેના નિર્ણયોમાં વજન હોય છે. આ વર્ષે આપણે પ્રત્યેક વાદ-વિવાદમાં કૂદી પડવાની આદતને તિલાંજલિ આપીને, સાંભળવાની કળા વિકસાવવી પડશે. મૌન અને એકાંત એ વ્યક્તિને પોતાની જાત સાથે જોડવાની શ્રેષ્ઠ કડી છે. જ્યારે અઠવાડિયામાં કે મહિનામાં થોડો સમય માત્ર પોતાની ભીતર ડોકિયું કરવાનો નિયમ બનાવાય છે, ત્યારે અહંકારની પરતો આપમેળે ઓગળવા લાગે છે. આ સંકલ્પ આપણને આવેશમાંથી વિવેક તરફ લઈ જશે, કારણ કે સત્તા કે પ્રભાવ મોટેથી બોલવાથી નથી ઊભો થતો, પણ શાંત અને મક્કમ અસ્તિત્વથી સ્થાપિત થાય છે.

બીજો સંકલ્પ આધુનિક સંબંધોમાં સંવેદના અને ભાવનાત્મક ઉપસ્થિતિનો છે. પરંપરાગત રીતે સમાજે પુરુષને એક 'પથ્થર' જેવો ઘડ્યો છે, જેને રડવાનો અધિકાર નથી, જેણે પોતાની લાગણીઓ છુપાવીને માત્ર ભૌતિક સુરક્ષા પૂરી પાડવાની છે. આ એક અત્યંત ખતરનાક અને અમાનવીય સામાજિક માળખું છે જેણે પેઢીઓથી પુરુષોને માનસિક રીતે એકલા કરી દીધા છે. પરંતુ સંવત ૨૦૮૩માં આપણે આ જૂની અને જડ માનસિકતાના પ્રભુત્વને તોડવું પડશે. આપણા જીવનસાથી, આપણા સંતાનો અને આપણા વડીલોને માત્ર આર્થિક રીતે સુરક્ષિત અન્ન અને આશ્રયની જરૂર નથી, તેમને આપણી સાચી ભાવનાત્મક ઉપસ્થિતિની જરૂર છે. જ્યારે આપણે ઘરે આવીએ છીએ ત્યારે આપણું મન પણ કામના વિચારોમાંથી મુક્ત થઈને પરિવાર સાથે ભળવું જોઈએ. દીકરા કે દીકરી સાથે માત્ર પિતા તરીકે નહીં, પણ એક મિત્ર તરીકે બેસીને તેમની દુનિયા સમજવી એ આજના સમયની સૌથી મોટી માંગ છે. પત્નીના સંઘર્ષો અને તેની મહત્વાકાંક્ષાઓને સમજીને તેને સહયોગ આપવો એ પુરુષાર્થનું અપમાન નથી, પણ એ પુરુષત્વનું ઉચ્ચતમ શિખર છે. આપણે એ સ્વીકારવું પડશે કે પુરુષ પણ થાકી શકે છે, તેને પણ અસલામતી અનુભવાઈ શકે છે, અને પોતાના સ્વજનો સમક્ષ પોતાની નબળાઈ સ્વીકારવામાં કોઈ નાનપ નથી. આ ભાવનાત્મક મુક્તિ આપણને એક તંદુરસ્ત પરિવાર અને ગાઢ સંબંધોની ભેટ આપશે.

ત્રીજો સંકલ્પ છે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યેની જાગરૂકતા. પુરુષ હંમેશાં પોતાની કારકિર્દી, ધંધો, સામાજિક -તિષ્ઠા અને આર્થિક લક્ષ્યોની દોડમાં એટલો બધો ગરકાવ થઈ જાય છે કે તેને પોતાના શરીરની ક્ષીણ થતી હાલત દેખાતી જ નથી. ૩૫ કે ૪૦ વર્ષની વય પછી જ્યારે શરીર પર તણાવના પ્રભાવો દેખાવા લાગે છે, ત્યારે આપણે તેને ઉંમરનું સત્ય માનીને સ્વીકારી લઈએ છીએ, જે તદ્દન ખોટું છે. અનિયમિત દિનચર્યા, ફાસ્ટ ફૂડ, વ્યાયામનો અભાવ અને રાતભર જાગવાની આદતો આપણા આયુષ્ય અને જીવનની ગુણવત્તા બંનેને કોરી ખાય છે. સંવત ૨૦૮૩માં આ બાબતે સખત શિસ્ત અપનાવવી અનિવાર્ય છે. રોજબરોજની દોડધામ વચ્ચે નિયમિત ચાલવું, યોગ કે વ્યાયામ માટે ચોક્કસ સમય ફાળવવો અને ખોરાક પર નિયંત્રણ રાખવું એ કોઈ શોખ નથી, પણ આ આપણું મૂળભૂત કર્તવ્ય છે. જો આપણું શરીર સાથ નહીં આપે, તો આપણે આપણી જવાબદારીઓ કઈ રીતે નિભાવી શકીશું? સ્વાસ્થ્ય એ જ વાસ્તવિક સંપત્તિ છે અને આ સત્યને સમજવાનો સમય આવી ગયો છે.

ચોથો સંકલ્પ આર્થિક અને બૌદ્ધિક સમજણ તેમજ સામાજિક ઉત્તરદાયિત્વનો છે. ધન કમાવવું અને પરિવારનું ભરણપોષણ કરવું એ પુરુષની પ્રાથમિક જવાબદારી છે જ, પરંતુ તે ધનનો ઉપયોગ ક્યાં થાય છે અને કઈ નીતિમત્તાથી કમાવાય છે તે પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. આજના ભૌતિકવાદી યુગમાં દેખાડાની સંસ્કૃતિએ પુરુષોને આર્થિક અનિશ્ચિતતા અને ખોટા સ્પર્ધાત્મક તણાવમાં ધકેલી દીધા છે. સંવત ૨૦૮૩માં આપણે નાણાકીય શિસ્ત અપનાવવી પડશે. અનાવશ્યક ખર્ચાઓ ઘટાડીને ભવિષ્યની સુરક્ષા અને રચનાત્મક કાર્યોમાં રોકાણ કરવાની માનસિકતા કેળવવી પડશે. આ સાથે જ, બૌદ્ધિક વિકાસની અવગણના ક્યારેય ન થવી જોઈએ. માત્ર ધંધાકીય આંકડાઓમાં અટવાયેલા રહેવાથી મન સંકુચિત થઈ જાય છે. સારા ગ્રંથો વાંચવા, ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને સાહિત્યનું અધ્યયન કરવું તથા નવી કૌશલ્યો શીખવી એ મગજને યુવાન રાખે છે. આ બૌદ્ધિક સમૃદ્ધિની સાથે સમાજ પ્રત્યેની આપણી જવાબદારી પણ જોડાયેલી છે. આપણે માત્ર આપણા પોતાના ઘર પૂરતા સીમિત ન રહી શકીએ. આપણી આસપાસ પર્યાવરણનું ધોવાણ થઈ રહ્યું છે, યુવા પેઢી મૂલ્યોથી વિમુખ થઈ રહી છે, ત્યારે પર્યાવરણના રક્ષણમાં, વૃક્ષારોપણમાં કે કોઈ રચનાત્મક સામાજિક પ્રવૃત્તિમાં આપણું પ્રત્યક્ષ યોગદાન હોવું જ જોઈએ. સમાજ આપણને ઘણું બધું આપે છે, અને બદલામાં સમાજને સક્ષમ બનાવવું એ દરેક સભાન પુરુષનું નૈતિક કર્તવ્ય છે.

પાંચમો અને અંતિમ સંકલ્પ છે સાતત્ય અને સમયના સદુપયોગનો. મોટાભાગના લોકો નવા વર્ષની શરૂઆતમાં ઉત્સાહમાં આવીને લાંબી યાદીઓ બનાવે છે, મોટા ધ્યેયો નક્કી કરે છે, પણ ફેબ્રુઆરી મહિનો આવતાની સાથે જ એ બધો ઉત્સાહ હવા થઈ જાય છે. કોઈપણ મહાન પરિવર્તન રાતોરાત નથી આવતું, તે દરરોજના નાના, શિસ્તબદ્ધ પ્રયાસોનું પરિણામ હોય છે. સંવત ૨૦૮૩માં આપણે 'કાલ કરીશ' કે 'પછી જોઈશું' એ આળસ ભરેલી વૃત્તિનો ત્યાગ કરવાનો છે. સમય એ સૌથી મોંઘી મૂડી છે જે એકવાર હાથમાંથી નીકળી જાય પછી ક્યારેય પાછી નથી આવતી. આપણે દિવસભરના સમયનું યોગ્ય આયોજન કરવું પડશે જેથી વ્યાવસાયિક કામો, કૌટુંબિક જવાબદારીઓ અને વ્યક્તિગત વિકાસ ત્રણેય વચ્ચે એક સંતુલન જળવાઈ રહે. અસંખ્ય લોકો પોતાનું જીવન માત્ર પ્રવાહમાં વહી જવા દે છે; તેઓ સમયના હાથે ઘડાય છે, સમયને ઘડતા નથી. એક પુરુષ તરીકે આપણી ઓળખ આપણાં વચનો અને આપણાં કાર્યોથી થવી જોઈએ. જો આપણે કોઈ વચન આપીએ, તો તેને પૂરું કરવા માટેનો પુરુષાર્થ હોવો જોઈએ. જીવનની આ સફરમાં અડચણો આવશે, નિષ્ફળતાઓ પણ મળશે, પરંતુ અટકવું નહીં અને સતત આગળ વધતા રહેવું એ જ સાચા પુરુષાર્થનું લક્ષણ છે.

આધુનિકતાને નામે રામાયણમાં પરિવર્તન કે સંસ્કૃતિના મૂળ સાથે ચેડાં?

રમ્યા રામાયણી કથા : અર્થાત્ રામાયણની કથા રમણીય છે. આદિકાળથી આદિકવિ વાલ્મિકીનું આદિકાવ્ય રામાયણ માત્ર ગ્રંથ નથી પણ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે, જીવન જીવવાની સંહિતા છે, આદર્શ પરિવારની કલ્પના છે અને માનવીય મૂલ્યોનો અખૂટ ભંડાર છે. રામ, સીતા, લક્ષ્મણ, ભરત, હનુમાન અને રાવણ માત્ર રામાયણના કાલ્પનિક પાત્રો નથી પણ માનવમાત્રને વિવિધ આદર્શો, ગુણો અને અવગુણો શીખવનારા પ્રતીકો છે. રામાયણની કથા ભારતનાં જનજન અને મનમનમાં પેઢી દર પેઢી કહેવાયેલી, સંભળાવાયેલી અને સચવાયેલી આ પરંપરા મનુષ્યમાત્રને સત્ય, ધર્મ, કર્તવ્ય, ત્યાગ, સમર્પણ, મર્યાદા અને નૈતિકતાના પાઠ શીખવતી રહી છે.



રામાયણ ભારતનાં ગામડે-ગામડે, ઘરે-ઘરે વર્ષોથી દાદીઓ-નાનીઓ અને સંતો-મહંતોનાં મુખે પેઢી દર પેઢી સુધી પહોંચાડાયું છે. તે માટે તુલસીદાસજીથી લઈને ગુજરાતનાં મોરારીબાપુના આજીવન પ્રયત્ન નોંધપાત્ર છે. જોકે, હવે માત્ર કથાકથન કે શ્રવણને બદલે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ કરીને આધુનિકતાની મદદથી પરંપરાને સમાજ સુધી પહોંચડવા માટે રામાયણ આધારિત ધારાવાહિક કે ફિલ્મો બની રહી છે. આજ સુધી ભારત અને વિદેશમાં રામાયણ આધારિત અંદાજે ૧૦૦થી વધુ ફિલ્મો અને ૨૦થી વધુ મુખ્ય ટેલિવિઝન સીરીયલો બની ચૂકી છે.

ભારતમાં હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ, બંગાળી, ગુજરાતી વગેરે ભાષાઓમાં અને વિદેશમાં જાપાન, અમેરિકા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા વગેરે દેશોનો સમાવેશ થાય છે.

રામાયણની કથાને ટેકનોલોજીના વિકાસની સાથે ભવ્ય દ્રશ્યો અને ઉત્તમ ફિલ્માંકનની મદદથી વિશ્વસ્તરે પહોંચાડવાનો પ્રયત્ન આવકારદાયક છે. પરંતુ જ્યારે ભવ્યતા દર્શાવવામાં ભદ્રતા, શાલીનતા, સભ્યતા, સંસ્કારિતા સાથે બાંધછોડ કરવામાં આવે, મૂળ કથાનક, પાત્રોની વિચારધારા, સંવાદો અને પ્રસંગોમાં મૂળ રામાયણના તત્ત્વજ્ઞાનથી વિપરીત પરિવર્તનો કરવામાં આવે ત્યારે તે માત્ર સર્જનાત્મક સ્વતંત્રતા કહેવાય કે સંસ્કૃતિ ઉપર કુઠારાઘાત

ભારતીય ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાને ગુલામીના કાળ દરમિયાન બદલવાના પ્રયત્નો થયા જ પણ આઝાદીનાં અમૃત મહોત્સવ ઉજવ્યા પછી પણ જો રામાયણનાં મૂળ પાત્રો કે સાંસ્કૃતિક વારસામાં વિપરીત કે અયોગ્ય પરિવર્તન કરીને દર્શાવવાનો પ્રયત્ન થાય એ તો આજની આધુનિક પેઢીને આપણા વારસા પર ગર્વ ઊભો કરવાને બદલે સંદેહ ઊભો કરે છે. આ રીતે સંદેહ ઊભો કરવો એ કેટલું યોગ્ય છે? ખરેખર તો આઝાદીના અમૃત મહોત્સવનાં પંચ પ્રાણમાં મોદીજીએ આપણા વારસા પર ગર્વને મહત્વ આપ્યું છે. તો આપણે ફિલ્મનાં નામે એવા પરિવર્તનો કરીએ કે મૂળકથા અને પાત્રોની મૂળભૂત ઓળખથી જુદી રીતે પાત્રોનાં સ્વભાવ, નિર્ણયો, સંબંધો અને સંવાદોમાં મનસ્વી અને સાંસ્કૃતિક દ્રષ્ટીએ તદ્દન વિપરીત ફેરફાર કરીએ, તેના પરિણામે આવનારી પેઢીનાં મન-મસ્તિષ્કમાં આપણા સાંસ્કૃતિક વારસાની સાચી સમજ ઊભી થવાને બદલે ભ્રમ ભરેલી છબી ઊભી થશે, જે ભારતીય સાંસ્કૃતિક વારસાની સાચી સમજને લુપ્ત કરશે.

મનનમ્



ડૉ. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

હાલમાં આવેલ રામાયણ-૧ ફિલ્મ દ્વારા આધુનિકતા અને સર્જનાત્મક સ્વતંત્રતાના નામે મૂળ મૂલ્યોને બદલવાનો પ્રયત્ન કોઈપણ ભારતીય સાહજિક રીતે સમજી શકે છે. સંવાદો અને વર્તનમાં તોછડાઈ અને ઉદ્ધતાઈ એ આધુનિકતા સભ્યતાને ભારતીય સંસ્કાર અને સંવાદથી તદ્દન વિપરીત છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ભવ્યતા દર્શાવવાના નામે રામાયણની મૂળ વિચારધારા અને તત્ત્વોનું હનન થઈ રહ્યું છે એવું નથી લાગતું? રામાયણ જેવાં સાંસ્કૃતિક રક્તની રજૂઆત આધુનિક હોઈ શકે પરંતુ પ્રાચીન મૂલ્યોની જાળવણી સાથે આજની પેઢી પુસ્તકથી છૂટી પડીને મોબાઈલ કે સિનેમાનાં પડદા પર વધુ વિશ્વાસ મૂકતી થઈ છે. તેથી તે મૂળ વાલ્મિકી રામાયણને બદલે ફિલ્મમાં દર્શાવેલી બાબતને જ સત્ય ગણીને તે સંદર્ભ પ્રમાણે પોતાને પ્રેરિત કરશે જે અત્યંત ગંભીર છે. આ રીતે તો ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના ગૌરવના મૂળ અર્થઘટનમાં ધીમેધીમે ફેરફાર કરીને નવી પેઢીની સમજણ બદલીને સીધા વિરોધ વિના જ સંસ્કૃતિનો નાશ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો હોય એવું તો નથીને?

જો ખોટી વાત પણ વારંવાર કહેવામાં આવે તો તે સાચી લાગે તે નિયમાનુસાર જો આધુનિકતાના નામે મૂળ પાત્રો અને તેમનાં સંસ્કાર, સ્વભાવ કે સભ્યતાને આધુનિક વિચારધારાના મુજબ પ્રસ્તુત કરવામાં આવે તો ધીમે ધીમે મૂળ પ્રસંગોના અર્થ બદલાઈ જ જશે, પરંપરાગત મૂલ્યોને જૂનવાણી કહીને બાજુએ મૂકવામાં આવશે તો ભવિષ્યમાં નવી પેઢી મૂળ વાલ્મિકી રામાયણને અયોગ્ય કે અધૂરી નજરે જોવા લાગશે ને ! જો આજના યુવાનો રામાયણ વિશેની સમજણ માત્ર ફિલ્મો અને સોશિયલ મીડિયાના ટૂંકા દ્રશ્યો પરથી મેળવશે તો તેમની સમજણમાંથી મૂળ રામાયણની ઊંડાઈ અને તેનાં જીવનમૂલ્યો ગાયબ થઈ શકે છે. આથી પાણી પહેલા પાળ બાંધવા માટેની જવાબદારી માતા-પિતા, શિક્ષકો, સાહિત્યકારો અને સમાજના પ્રબુદ્ધ નાગરિકો તરીકે આપણી છે. આપણે આપણી નવી પેઢીને મૂળ રામાયણનો પરિચય કરાવીએ અને ફિલ્મી રજૂઆત તથા મૂળ ગ્રંથ વચ્ચેનો તફાવત સમજાવીએ. આજની પેઢીને રામાયણની વધુને વધુ નજીક લઈ જવા માટે ટેકનોલોજી સ્વીકારીને, આધુનિક સિનેમાની સારી બાબતોને આવકારીએ પણ નવા પ્રયોગો સાથે આપણી સંસ્કૃતિનાં મૂળિયાં નબળાં ન પડવા દઈએ. રામાયણને વધુ ઊંડાણથી સમજાવીએ, રામની શક્તિ અને રામની મર્યાદા, હનુમાનજીની શક્તિ અને તેમની વિનમ્રતા, રાવણના સામર્થ્યની સાથે તેના ખોટા અહંકારનું પરિણામ સમજાવીએ કારણ કે રામાયણની કથા બદલાઈ શકે, તેની રજૂઆત બદલાઈ શકે પરંતુ રામાયણમાંથી મળતા સત્ય, ધર્મ, મર્યાદા, ત્યાગ અને કર્તવ્યનાં શાશ્વત મૂલ્યો ન બદલાય. તે માટે પ્રયત્ન કરવાની આપણી પ્રત્યેકને જવાબદારી છે ને ! કારણ કે રામાયણ માત્ર ધાર્મિકગ્રંથ નથી પરંતુ અનંતકાળથી વહેતો માનવમૂલ્યોના શિક્ષણનો સ્રોત છે.

નવી પેઢીને મૂળ રામાયણનો પરિચય કરાવીએ

આપણે આપણી નવી પેઢીને મૂળ રામાયણનો પરિચય કરાવીએ અને ફિલ્મી રજૂઆત તથા મૂળ ગ્રંથ વચ્ચેનો તફાવત સમજાવીએ. આજની પેઢીને રામાયણની વધુને વધુ નજીક લઈ જવા માટે ટેકનોલોજી સ્વીકારીને, આધુનિક સિનેમાની સારી બાબતોને આવકારીએ પણ નવા પ્રયોગો સાથે આપણી સંસ્કૃતિનાં મૂળિયાં નબળાં ન પડવા દઈએ. રામાયણને વધુ ઊંડાણથી સમજાવીએ, રામની શક્તિ અને રામની મર્યાદા, હનુમાનજીની શક્તિ અને તેમની વિનમ્રતા, રાવણના સામર્થ્યની સાથે તેના ખોટા અહંકારનું પરિણામ સમજાવીએ કારણ કે રામાયણની કથા બદલાઈ શકે, તેની રજૂઆત બદલાઈ શકે પરંતુ રામાયણમાંથી મળતા સત્ય, ધર્મ, મર્યાદા, ત્યાગ અને કર્તવ્યનાં શાશ્વત મૂલ્યો ન બદલાય. તે માટે પ્રયત્ન કરવાની આપણી પ્રત્યેકને જવાબદારી છે ને !

ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Monday 16, November 2026

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા
- અંભેટી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિએ

નાનાપોંઢા ખાતે નાયબ મુખ્યમંત્રીએ ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ કરાવ્યો

આદિવાસી સંસ્કૃતિ અને લોકનૃત્યના સંગમ સાથે યોજાયેલી ભવ્ય શોભાયાત્રામાં મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો જોડાયા : નાયબ મુખ્યમંત્રી પણ શોભાયાત્રા દરમિયાન આદિવાસી નૃત્યમાં





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : ભારતના મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે સવારે તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે જનજાતિય ગૌરવ દિવસની ભવ્ય અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સવારે નાનાપોંઢા સર્કલ ખાતે આવેલી ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પ અર્પણ કરી ફૂલહાર પહેરાવીને આ ગૌરવપૂર્ણ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.



ત્યારબાદ નાનાપોંઢા સર્કલથી મુખ્ય કાર્યક્રમ સ્થળ હેલિપેડ ગ્રાઉન્ડ સુધી એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરંપરાગત આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતા લોકનૃત્યો અને વાદ્યોના તાલે ખૂબ મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ અને બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર વાતાવરણ આદિવાસી અસ્મિતા અને ગૌરવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

શોભાયાત્રા દરમિયાન આદિવાસી નૃત્યમાં નાયબ મુખ્યમંત્રી પણ સહભાગી થયા હતા. આ રેલીમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, આદિવાસી સમાજના આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાનાપોંઢા સર્કલ ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સફાઈ કરી સ્વચ્છતા અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૧૫ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત વલસાડ જિલ્લાના કપરાડા વિધાનસભા બેઠકના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં નાનાપોંઢા સર્કલ ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સાફ-સફાઈ કરી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ ભગવાન બિરસા મુંડાના વિચારો અને આદર્શોને જીવનમાં ઉતારી સ્વચ્છ, જાગૃત અને સંગઠિત સમાજના નિર્માણમાં સહભાગી બનીએ એવું આહવાન કર્યું હતું.

આ અભિયાન દ્વારા મહાન જનનાયક ભગવાન બિરસા મુંડાજીના જીવનમૂલ્યો, સંઘર્ષ, બલિદાન અને આદર્શોને યાદ કરી સ્વચ્છતા તથા સામાજિક જવાબદારીનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચો, વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી અભિયાનમાં સહભાગી બન્યા હતા.

ધરમપુરના આસુરા ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે ધરમપુર તાલુકાના આસુરા ખાતે આવેલા ભગવાન બિરસા મુંડા સર્કલ પર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યું હતું. ત્યારબાદ સર્કલ તેમજ તેની આસપાસના વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધારાસભ્ય સહિત આગેવાનો, મહિલા કાર્યકરો અને નગરજનોએ જાતે સફાઈ કરીને શ્રમદાનમાં સહભાગી બની સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. ભગવાન બિરસા મુંડાના જીવન અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરવાની સાથે જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા અને નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી આ અભિયાન યોજાયું હતું.

હનમતમાળમાં અધૂરા રસ્તાના કામથી ગ્રામજનો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : ધરમપુર તાલુકાના હનમતમાળ ગામે આબોશી મેઈન રોડથી આશ્રમશાળા તરફ જતો માર્ગ હાલ વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલીરૂપ બન્યો છે. ચોમાસા પૂર્વે રસ્તા પર મેટલ (કાંકરી) પાથરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ ચોમાસાની શરૂઆત થતાં જ કામ અધવચ્ચે અટકાવી દેવામાં આવ્યું હતું.

ચોમાસું પૂર્ણ થવા સાથે દિવાળીનો તહેવાર પણ વીતી ગયો હોવા છતાં રસ્તાનું બાકી કામ હજુ શરૂ કરવામાં આવ્યું નથી. રસ્તા પર પથરાયેલી છૂટી કાંકરીના કારણે વાહનચાલકોને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ માર્ગ પરથી પસાર થવું જોખમી બન્યું છે અને અકસ્માત થવાની શક્યતા વધી રહી છે.

રસ્તાની આ સ્થિતિને લઈને સ્થાનિક ગ્રામજનોમાં તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે. કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા આ બાબતે તાત્કાલિક ધ્યાન આપી અધૂરા રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીએ યુવા મોરચાના જૂના સાથીના નિવાસસ્થાની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આજે વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતિય ગૌરવ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

આ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ પરત ફરતી વખતે નાયબ મુખ્યમંત્રીએ સાદગી અને કાર્યકર્તા પ્રત્યેની અતૂટ આત્મીયતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેઓ યુવા મોરચાના સમયના તેમના જૂના સાથી કાર્યકર્તા વિપુલભાઈ રાઉતના ઘરે અચાનક મુલાકાતે પહોંચ્યા હતા.

હર્ષ સંઘવીએ વિપુલભાઈ તથા તેમના પરિવારના સભ્યો સાથે ઉષ્માભરી મુલાકાત કરી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. તેમણે પરિવારજનો સાથે હળવો સંવાદ કરતા ઘરે ચા પીધી હતી અને જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. પદ અને પ્રતિષ્ઠાથી પર રહીને પોતાના જૂના સાથી કાર્યકર્તા પ્રત્યે નાયબ મુખ્યમંત્રીએ દર્શાવેલા આ પ્રેમ અને લાગણીથી વિપુલભાઈ રાઉત અને તેમનો પરિવાર ભાવવિભોર બન્યો હતો.

આજે ધરમપુરમાં જલારામ જયંતિની ઉજવણી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : ધરમપુરના હનુમાન ફળિયા સ્થિત જલારામ મંદિર પરિસરમાં આજે તા. ૧૬ નવેમ્બરના રોજ પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સવારે ૯ કલાકે ભવ્ય શોભાયાત્રા નીકળશે. હનુમાન ફળિયા સ્થિત જલારામ મંદિરેથી પ્રસ્થાન કરી શોભાયાત્રા દશોદી ફળિયા, ગાંધી બાગ, લક્ષ્મીનારાયણ મંદિર, મોટા બજાર, ટાવર અને પ્રભુ ફળિયા થઈ પુનઃ જલારામ મંદિર ખાતે પહોંચશે. જેમાં નાના ભૂલકાઓથી લઈને લોહાણા પરિવારના સભ્યો સહિત નગરજનો જોડાશે. બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદ, સાંજે ૪ કલાકે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા અન્નકૂટ દર્શન (છપ્પન ભોગ) યોજાશે. સાંજે ૭:૩૦ કલાકે ખીચડી-કઢીનો મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. માનવસેવાના ઉમદા હેતુથી સાંજે ૬ થી રાત્રે ૯ કલાક દરમિયાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તમામ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોમાં સહભાગી થવા શ્રી જલારામ મંદિર સંચાલન સમિતિ દ્વારા ધરમપુરના નગરજનો અને ભાવિક ભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ધરમપુરના ખટાણામાં જલારામ જયંતી ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ખટાણા ગામે ગવળી ફળિયા ખાતે પૂજ્ય જલારામબાપાની ૨૨૭મી જન્મ જયંતી નિમિત્તે આગામી તારીખ ૧૬/૧૧/૨૦૨૬ ને સોમવાર એટલે કે કારતક સુદ સાતમના રોજ ભવ્ય મહોત્સવ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જલારામ યુવક મંડળ દ્વારા આયોજિત આ મહોત્સવ અંતર્ગત વહેલી સવારે ૪.૩૦ કલાકે -ભાતફેરી, સવારે ૮.૦૦ કલાકે આરતી અને ૮.૩૦ કલાકે પૂજ્ય બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળશે. બપોરે ૧૨.૩૦ કલાકે આચાર્યશ્રી કશ્યપભાઈ જાની (ખેરગામવાળા) ના વ્યાસપીઠે શાંતિહોમ તથા શ્રી સત્યનારાયણની કથા યોજાશે. બપોરે ૨.૦૦ કલાકે પૂજ્ય કૈલાશપુરી મહારાજના આશીર્વચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

કપરાડાના ગવટકા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં BSNL ટાવરની માંગ

આદિવાસી સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : કપરાડા તાલુકાના ગવટકા ગામના સેન્ટર વિસ્તારમાં BSNL ટાવર સ્થાપવાની માંગ સાથે તા. આજ રોજ સમસ્ત આદિવાસી સમાજ કપરાડા દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મામલતદાર મારફતે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

આદિવાસી સમાજના સામાજિક કાર્યકર જયેન્દ્ર ગામિતે જણાવ્યું હતું કે આઝાદીનાં ૭૮ વર્ષ બાદ પણ આશરે ૩૫ હજારથી વધુ લોકો મોબાઈલ નેટવર્ક અને કવરેજની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. નેટવર્કના અભાવે ૧૦૮ ઈમરજન્સી સેવા, વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ અને સામાન્ય ફોન સંપર્કમાં મુશ્કેલીઓ પડી રહી છે. આથી ગુજરાત સરકાર અને સંબંધિત વિભાગ તાત્કાલિક BSNL ટાવર સ્થાપવા કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.

વાપી-નાસિક માર્ગને સુરક્ષિત બનાવવા અને છરવાડા અંડરપાસની ડિઝાઈન બદલવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : દક્ષિણ ગુજરાતના માર્ગ પરિવહનને વધુ સુરક્ષિત અને સુગમ બનાવવા દક્ષિણ ગુજરાત સમસ્ત આદિવાસી સમાજના કન્વીનર તથા ગોલ્ડ મેડલિસ્ટ સર્જન ડો. નિરવ ભુલાભાઈ પટેલ દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ બે મહત્ત્વપૂર્ણ લોકહિતલક્ષી માળખાકીય સુવિધાઓ અંગે લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં વાપીથી નાસિક વચ્ચેના માર્ગ પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા તેમજ વાપી નેશનલ હાઈવે પર છરવાડા નજીક આવેલા સાંકડા અંડરપાસની ડિઝાઈનમાં જરૂરી સુધારા કરવાની માંગ કરવામાં આવી છે.

વાપીથી નાસિક વચ્ચેનો માર્ગ ખાસ કરીને શનિ-રવિ અને જાહેર રજાઓ દરમિયાન ભારે વાહનવ્યવહાર ધરાવે છે. આ માર્ગ પર જોખમી વળાંકો, સાંકડા રસ્તાઓ, ઘાટ વિસ્તાર તેમજ નદી-નાળાઓની નબળી સ્થિતિને કારણે વારંવાર અકસ્માતો સર્જાવાની શક્યતા રહે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે જોખમી વળાંકો અને ઘાટ વિસ્તારનું સુધારણા કાર્ય કરી શક્ય હોય ત્યાં માર્ગને સીધો અને સુરક્ષિત બનાવવો તેમજ નદી-નાળાઓ પર ઊંચા અને મજબૂત પુલનું નિર્માણ કરવું જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આ ઉપરાંત નદીઓ અને નાળાઓ પર યોગ્ય સ્થળોએ નાના ચેકડેમ બનાવવામાં આવે તો વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે અને આસપાસના પથરાળ વિસ્તારનાં ગામોમાં ભૂગર્ભ જળસ્તર ઊંચું આવવાથી પીવાના પાણીની સમસ્યાના નિરાકરણમાં પણ મદદ મળી શકે તેમ છે.

ખાસ કરીને કપરાડાથી નાસિક તરફના માર્ગને ત્યાંના અન્ય સુપર એક્સપ્રેસવે સાથે જોડવાની શક્યતાઓ પણ તપાસવા રજૂઆત કરવામાં આવી છે. જો આ જોડાણ શક્ય બને તો વલસાડ, પારડી અને નાનાપોંઢા વિસ્તારના વાહનચાલકોને આશરે ૩૦ કિલોમીટર જેટલું અંતર ઘટવાનો લાભ મળી શકે તેમ છે.

બીજી તરફ વાપી નેશનલ હાઈવે પર છરવાડા નજીક આવેલો વર્તમાન અંડરપાસ અત્યંત સાંકડો હોવાથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વૈશાલી બ્રિજ અને ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપની નજીક હોવાને કારણે આ વિસ્તારમાં સતત ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતનો ભય રહે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે ડો. નિરવ પટેલે ટેકનિકલ નિષ્ણાતો પાસે વૈકલ્પિક ડિઝાઈનની શક્યતાઓ તપાસવાની માંગ કરી છે. જેમાં વૈશાલી બ્રિજ અને બલીઠા હાઈવે બ્રિજ વચ્ચે આશરે ૫૦૦ મીટરનું યોગ્ય અંતર રાખીને બંને બ્રિજની લંબાઈ વધારવા તેમજ હાલના સાંકડા અંડરપાસના બદલે હાઈવે પર મોટા પિલર ઊભા કરી પૂરતી ઊંચાઈ અને ચાર લેન જેટલી પહોળાઈ ધરાવતો ખુલ્લો માર્ગ બનાવવાની ભલામણ કરવામાં આવી છે. અગાઉ ટુકવાડા અંડરપાસની ડિઝાઈનમાં પણ આ પ્રકારનો સુધારો સફળતાપૂર્વક કરવામાં આવ્યો હોવાનું રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ડો. નિરવ ભુલાભાઈ પટેલે જણાવ્યું છે કે, આ બંને લોકહિતલક્ષી યોજનાઓ સાકાર થાય તો ગુજરાત અને મહારાષ્ટ્રના હજારો નાગરિકોને લાંબા સમય સુધી તેનો સીધો લાભ મળશે. માર્ગ અકસ્માતોમાં ઘટાડો થવાની સાથે મુસાફરી વધુ સુરક્ષિત અને સરળ બનશે તથા આંતરરાજ્ય માર્ગ જોડાણને પણ નવી દિશા મળશે. આથી રાજ્ય સરકાર દ્વારા બંને રજૂઆતો પર ગંભીરતાપૂર્વક વિચારણા કરી સંબંધિત વિભાગના અધિકારીઓ પાસે સચોટ ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવી વહેલી તકે જરૂરી મંજૂરી અને અમલીકરણ માટે નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

નાની ઢોલડુંગરીમાં માવલી માતાના દરબારમાં નવા વર્ષની ભવ્ય ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : ધરમપુર તાલુકાના નાની ઢોલડુંગરી ગામે જય માવલી માતા યુવક મંડળ અને સમસ્ત ગ્રામજનો દ્વારા નવા વર્ષના શુભ અવસરે માવલી માતાના દરબારમાં સામૂહિક આરતી અને ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રે ૧૦ કલાકે શરૂ થયેલા ગરબા મહોત્સવમાં જાણીતા કલાકારો મેઘના પટેલ, અશોક ટાર્ઝન તથા ગુલાબભાઈ એન્ડ પાર્ટી (પીપલખેડ)ના સંગાથે ગરબાની રમઝટ જામી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સમસ્ત આદિવાસી સમાજના દક્ષિણ ગુજરાતના સંયોજક તથા છાંયડો હોસ્પિટલના ડો. નિરવભાઈ પટેલ સહિત માજી તાલુકા પંચાયત સભ્ય બિપિન માહલા, કલ્પેશ પટેલ, અવિનાશ પટેલ, ચંદ્રકાન્ત પટેલ, સુનિલ પટેલ અને કાર્તિક ખેરગામ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનોએ પરિવાર સાથે હાજરી આપી માતાજીનાં દર્શન કરી ગરબાનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા જય માવલી માતા યુવક મંડળના કિરણ પટેલ, વિજય પટેલ, શૈલેષ પટેલ, લાલુભાઈ પટેલ, રાજેશ પટેલ, જીતુભાઈ પટેલ, હેતલ પટેલ, કંચન પટેલ તથા ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Monday 16, November 2026

એસઆઈઆર સામે હવે યોગીએ મોરચો માંડયો

ચૂંટણીપંચ દ્વારા મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સામે અત્યાર સુધી માત્ર વિરોધી પક્ષોને વિરોધ હતો, હવે આ સૂરમાં ભાજપના નેતા અને ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથનો સૂર પણ ભળ્યો છે. મુખ્ય-પ્રધાન યોગીનો દાવો છે કે, ઉત્તર પ્રદેશની મતદારયાદીઓમાંથી ૧.૨૭ કરોડ હિન્દુ મતદારનાં નામ કાઢી નાખવામાં આવ્યાં છે. ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણીપંચનો સંપર્ક સાધી ફરિયાદ કરી છે કે, રાજ્યમાં મુસ્લિમ મતદારોની સંખ્યા ૧.૬૫ ટકા વધી છે તથા ૧.૨૬ કરોડ હિન્દુનાં નામ આ યાદીમાંથી ગાયબ થઈ ગયાં છે. એસઆઈઆર વિશેના વિરોધ પક્ષના કાગારોળને દુપ્રચાર ગણાવતાં યોગીએ કહ્યું છે કે, ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ મતદારોની સંખ્યા વધી હોવાથી અખિલેશ યાદવ હવે એસઆઈઆરનો વિરોધ પણ નહીં કરે અને તે પાછી ખેંચવાની માંગ પણ નહીં કરે. છેલ્લા કેટલાક મહિનાઓથી એસઆઈઆરને લઈને સર્વોચ્ચ અદાલત તરફથી સતત થઈ રહેલી ટિપ્પણી, વિરોધ પક્ષો તથા વિદ્યાર્થી સંગઠનો દ્વારા થઈ રહેલો દેશવ્યાપી વિરોધ તથા સામાન્ય નાગરિકોનાં મનમાં નિર્માણ થઈ રહેલી શંકા જોતાં ચૂંટણીપંચે મતદારયાદીમાં જેમનું નામ નથી એવા મતદારોને અંતિમ યાદીમાં સ્થાન મળે એ માટે સાત રાજ્યમાંના મતદારો માટે એક માર્ગ ખુલ્લો કરી સકારાત્મક પગલું લીધું છે. મહારાષ્ટ્ર ઉપરાંત દિલ્હી, હરિયાણા, આંધ્રપ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડ આ સાત રાજ્યમાં મતદારયાદીમાંથી બાકાત થયેલા મતદારોને વધુ એક તક આપવામાં આવી છે, જે આવકારદાયક પગલું છે. એસઆઈઆર પ્રક્રિયામાં મતદારયાદીમાંથી મતદારોનાં નામ બાદ થવા માટે ચાર મુખ્ય કારણો છે-ગેરહાજરી, સ્થળાંતર, મૃત મતદાર અને એકથી વધુ જગ્યાએ નામ ધરાવતા મતદારો. ભારતમાં મતદાન માટે પાત્ર લોકોની સંખ્યા ૧૦૦ કરોડની આસપાસ હશે અને આટલા મોટા પાયે મતદારયાદીમાં સુધારા કરવાનું કામ આસાન તો નથી જ. વળી, વર્ષોથી આ યાદીઓની સમીક્ષા થઈ નહોતી, આથી આ કવાયત સમયની માંગ હતી. જો કે, જે ઝડપે આ અભિયાન હાથ ધરાયું અને મતદારયાદીમાં નામ જાળવી રાખવા મતદારોને જે હાલાકી સહન કરવી પડી તેના કારણે નારાજગી તો હતી જ. એમાં વિપક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનરને જ આ મામલામાં આરોપી બનાવી તેમના રાજીનામાની માગણી સાથે દેશવ્યાપી આંદોલનો કર્યાં. મૂળ મુદ્દો કોરાણે રહી ગયો અને વિરોધનો વળ ચડયા કર્યો.યોગી આદિત્યનાથે કરેલા આક્ષેપોને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી જેવા વિરોધીઓએ ટીકા નથી કરી, કેમ કે, તેમના જ દાવાને યોગી સમર્થન કરી રહ્યા છે. જો કે, ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે, જે મતદારોનાં નામ બાકાત થયાં છે અને જેમનાં નામ ઉમેરાયાં છે, તેમની ધર્મવાર નોંધ ઈલેક્શન કમિશન રાખતું નથી. યોગી આદિત્યનાથે પોતાના પક્ષના કાર્યકર્તાઓને અપીલ કરી છે કે, જે પણ મતદારોનાં નામ યાદીમાંથી બાકાત થયાં છે, તેમનાં નામનો ફરી સમાવેશ થાય એ માટે તમામ મદદ કરજો. ૧.૨૭ કરોડ મતદારનાં નામ માર્સિંગ હોય એનો અર્થ એ થયો કે, દરેક વિધાનસભા મતદારક્ષેત્રમાં આશરે ૩૧,૦૦૦ વોટર્સનાં નામ ગાયબ છે. આવતાં વર્ષે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં આ મુદ્દો હજી ગરમાશે એવું લાગે છે.

પહેલાં દેશના ઉત્સવો વિદેશી દૃષ્ટિકોણથી નક્કી થતા હતા: મોદી



જનજાતીય ગૌરવ દિવસના કાર્યક્રમમાં મોદીનું વીડિયો કોન્ફરન્સિંગથી સંબોધન; બિરસા મુંડાને કર્યા નમન, ગરીબી અને નક્સલવાદમાંથી મુક્તિને ગણાવી દેશની બે મોટી સિદ્ધિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૧૫: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં આયોજિત જનજાતીય ગૌરવ દિવસના કાર્યક્રમને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંબોધિત કર્યો હતો. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર આડકતરો પ્રહાર કરતાં કહ્યું હતું કે એક સમય એવો હતો જ્યારે દેશમાં અનેક દિવસો અને ઉત્સવો વિદેશી દૃષ્ટિકોણથી નક્કી થતા હતા. જોકે, આજે ભારત પોતાના વારસા, ઈતિહાસ અને રાષ્ટ્રીય નાયકોને સ્વદેશી સ્વાભિમાન સાથે યાદ કરી રહ્યું છે. વડાપ્રધાને આ પરિવર્તનને દેશની રાષ્ટ્રીય ચેતનામાં આવેલા મોટા બદલાવનું પ્રતીક ગણાવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ૧૫ નવેમ્બર ૨૦૨૧થી જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આજે આ દિવસ રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. તેમણે ધરતીઆબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે તેમને ભાવપૂર્વક નમન કર્યા હતા. તેમણે કહ્યું હતું કે જનજાતીય ગૌરવ દિવસ માત્ર એક ઉજવણી નથી, પરંતુ આદિવાસી સમાજના ગૌરવ, સંઘર્ષ અને બલિદાનને યાદ કરવાનો અવસર છે. ભગવાન બિરસા મુંડાનું ઉલગુલાન અને તેમણે નાની ઉંમરે કરેલો સંઘર્ષ આજે પણ દેશના કરોડો લોકોને પ્રેરણા આપે છે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાને દેશની બે મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે વિશ્વ બેંકના અહેવાલ મુજબ છેલ્લાં ૧૨ વર્ષમાં ભારતના આશરે ૫૦ કરોડ લોકો ભયંકર ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે આ સિદ્ધિનો શ્રેય કોઈ એક સરકારને નહીં, પરંતુ દેશના સામૂહિક પ્રયાસો અને નાગરિકોની મહેનતને આપ્યો હતો.

બીજી સિદ્ધિ તરીકે તેમણે નક્સલવાદ અને માઓવાદી હિંસામાં ઘટાડા તથા તેનાથી પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષાની સ્થિતિમાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ કર્યો હતો. તેમના મતે, આદિવાસી વિસ્તારોમાં શાંતિ અને વિકાસની નવી તકો ઊભી થઈ રહી છે. જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે દેશનાં વિવિધ રાજ્યોમાં આદિવાસી સમાજના વિકાસ સાથે જોડાયેલા ૧૭૦થી વધુ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૭૦થી વધુ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે આ યોજનાઓથી આદિવાસી વિસ્તારોમાં વિકાસને વેગ મળશે અને સ્થાનિક લોકોને રોજગાર, શિક્ષણ તથા અન્ય સુવિધાઓની નવી તકો મળશે. વડાપ્રધાને કહ્યું હતું કે દેશના એવા વિસ્તારોના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જે લાંબા સમયથી વિકાસની દોડમાં પાછળ રહી ગયા હતા. આ માટે ૧૦૦થી વધુ આકાંક્ષી જિલ્લાઓ અને ૫૦૦થી વધુ આકાંક્ષી બ્લોકમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત પીએમ કૃષિ ધન-ધાન્ય યોજના હેઠળ ખેતીની દૃષ્ટિએ પછાત ૧૦૦ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આ યોજનાનો હેતુ ખેડૂતો, ગરીબ પરિવારો અને આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારા સાથે પહેલા જોડવાનો છે. નક્સલવાદના મુદ્દે વડાપ્રધાને કહ્યું હતું કે ગઢચિરોલી સહિતના આદિવાસી વિસ્તારોમાં નક્સલી હિંસાને કારણે સૌથી વધુ નુકસાન આદિવાસી પરિવારોને થયું છે. તેમના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૪માં દેશના આશરે ૧૨૫ જિલ્લા માઓવાદ અને નક્સલવાદથી પ્રભાવિત હતા. આ વિસ્તારોમાં હિંસાની અનેક ઘટનાઓ બનતી હતી અને નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેમણે અગાઉની સરકારો પર આ વિસ્તારોની સમસ્યાઓ પ્રત્યે પૂરતું ધ્યાન ન આપવાનો આક્ષેપ પણ કર્યો હતો.

વડાપ્રધાને કહ્યું હતું કે નક્સલી હિંસાને કારણે આદિવાસી સમાજના લોકોના અધિકારો અને સ્વતંત્રતા પર પણ અસર પડી હતી.

પશ્ચિમ બંગાળની ખાડીમાં વાવાઝોડું ત્રાટકવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભુવનેશ્વર, તા.૧૫: દેશના પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં ફરી એકવાર વાવાઝોડાનો ખતરો ઊભો થયો છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ ઓડિશા, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારો માટે ભારે વરસાદ અને સંભવિત ચક્રવાતને ધ્યાનમાં રાખીને ચેતવણી આપી છે. દક્ષિણપૂર્વ બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર આગામી ૨૪ કલાકમાં ડિપ્રેશનમાં ફેરવાય તેવી શક્યતા છે. ત્યારબાદ આ સિસ્ટમ ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને સોમવાર સુધીમાં ચક્રવાતી તોફાનનું સ્વરૂપ ધારણ કરી શકે છે.



આ સિસ્ટમની અસર ઓડિશા, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળી શકે છે. જોકે, વાવાઝોડું કયા વિસ્તારમાં લેન્ડફોલ કરશે અને તેનો ચોક્કસ માર્ગ કયો હશે તે અંગે હવામાન વિભાગે હજુ સ્પષ્ટતા કરી નથી.

ઓડિશા સરકાર માટે આ સ્થિતિ ચિંતાજનક છે. રાજ્ય ત્રણ અઠવાડિયાના સમયગાળામાં ત્રીજા સંભવિત ચક્રવાતનો સામનો કરવાની તૈયારી કરી રહ્યું છે. રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પૂજારીએ જણાવ્યું હતું કે અગાઉનાં બે ચક્રવાતી વાવાઝોડાં અર્નબ અને મુરાસુની અસર ઓડિશામાં જોવા મળી હતી, જોકે બંનેએ પડોશી આંધ્રપ્રદેશમાં લેન્ડફોલ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આગામી વાવાઝોડું ઓડિશાના દરિયાકાંઠે ટકરાશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. તેમ છતાં સરકાર કોઈપણ સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે અને દક્ષિણ, ઉત્તર તથા દરિયાકાંઠાના જિલ્લાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

રાજ્યના વિશેષ રાહત કમિશનર રાજેશ પી. પાટીલે તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર લખીને જરૂરી તકેદારી રાખવા સૂચના આપી છે. ખાસ કરીને હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરાયેલા વિસ્તારોમાં વહીવટી તંત્રને સતર્ક રહેવા જણાવાયું છે. મંત્રી સુરેશ પૂજારીએ વધુમાં જણાવ્યું હતું કે વાવાઝોડું ઓડિશાના દરિયાકાંઠે ટકરાય નહીં તો પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. તેથી રાહત અને બચાવ કામગીરી માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ભારતમાં હવે લોકશાહી રહી નથી : રાહુલ ગાંધી


(સંપૂર્ણ સમાચાર સેવા) હૈદરાબાદ, તા.૧૫ : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હૈદરાબાદમાં આયોજિત ભારત સમિટ ૨૦૨૬ દરમિયાન કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતાં ભારતમાં લોકશાહી વ્યવસ્થા સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે દેશમાં હવે લોકશાહી રહી નથી અને વર્ષ ૨૦૧૪થી ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા લોકતાંત્રિક સંસ્થાઓને સુનિયોજિત રીતે નબળી પાડવામાં આવી રહી છે. રાહુલ ગાંધીના આ નિવેદન બાદ ભાજપે પણ વળતો પ્રહાર કરતાં કોંગ્રેસ પર ગંભીર આરોપો લગાવ્યા છે.



તેલંગાણા સરકાર દ્વારા આયોજિત સમિટને સંબોધતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારત માત્ર પોતાના માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના લોકશાહી આંદોલન માટે પણ મહત્ત્વપૂર્ણ છે. જોકે, વર્તમાન પરિસ્થિતિમાં દેશમાં લોકશાહી વ્યવસ્થા સામે ગંભીર પડકારો ઊભા થયા છે. તેમણે વર્ષ ૨૦૧૪ અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓમાં અનિયમિતતાઓ થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે ૨૦૧૪ની ચૂંટણી બાદ રાજકીય વ્યવસ્થામાં મોટો બદલાવ આવ્યો હતો અને ચૂંટણી પ્રચારમાં મોટા પ્રમાણમાં નાણાંનો ઉપયોગ થવા લાગ્યો હતો. તેમણે સ્વીકાર્યું કે આ પરિવર્તનથી વિપક્ષ શરૂઆતમાં આઘાતમાં હતો. તેમના જણાવ્યા અનુસાર, વિપક્ષ એક-બે વર્ષ નહીં, પરંતુ લગભગ એક દાયકા સુધી આ પરિસ્થિતિમાંથી બહાર આવી શક્યો નહોતો.

રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનો ઉલ્લેખ કરીને ચૂંટણી પ્રક્રિયા પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણીમાં વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનને વધુ બેઠકો મળી હતી, પરંતુ માત્ર ત્રણ મહિના બાદ યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં પરિણામો બદલાઈ ગયાં હતાં. તેમણે આરોપ લગાવ્યો કે બંને ચૂંટણીઓ વચ્ચે આશરે ૭૦ લાખ નવા મતદારો ઉમેરાયા હતા અને આ તમામ મતદારોએ ભાજપને મત આપ્યો હતો. આ ઉપરાંત તેમણે મતદાર યાદીઓ અને ચૂંટણી પંચની કામગીરી અંગે સવાલો ઉઠાવતાં કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા જળવાઈ રહે તે લોકશાહી માટે અત્યંત જરૂરી છે. રાહુલ ગાંધીએ દેશમાં આર્થિક તકો અમુક પસંદગીના ઔદ્યોગિક જૂથો સુધી સીમિત થઈ રહી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. તેમના મતે રાજકીય સત્તા, આર્થિક પ્રભાવ અને જાહેર સંસ્થાઓ વચ્ચેના સંબંધો અંગે ગંભીર ચર્ચા થવી જોઈએ. તેમણે વૈકલ્પિક વિચારો સ્વીકારવા તૈયાર ન હોય અને દરેક સવાલનો જવાબ પોતાની પાસે જ હોવાનો દાવો કરતા લોકોને ફાસીવાદી વલણ ધરાવતા ગણાવ્યા હતા.

સાત વર્ષ પછી ભારતે ન્યૂઝીલેન્ડમાં જીતી સીરિઝ



(સંપૂર્ણ સમાચાર સેવા)
માઉન્ટ મૌંગાનુઈ, તા.૧૫ : ભારતે ન્યૂઝીલેન્ડ સામે પાંચમી વનડે મેચમાં જીત મેળવી છે. માઉન્ટ માઉંગાનુઈના બે ઓવલ ખાતે રમાયેલી આ મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ટીમ ઈન્ડિયા ફક્ત ૨૦૯ રન જ બનાવી શકી હતી. એક સમયે ન્યૂઝીલેન્ડનો સ્કોર બે વિકેટે ૮૨ રન હતો. એવું લાગતું હતું કે કિવીઝ સરળતાથી મેચ જીતી જશે અને શ્રેણી ૨-૨થી બરાબર કરશે, પરંતુ ભારતીય બોલરોએ બાજી પલટી દીધી. કિવીઝ ૧૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગયા. ભારતે પાંચમી વનડે ૨૨ રનથી જીતીને પાંચ મેચની શ્રેણી ૩-૧થી જીતી લીધી. સાત વર્ષ પછી ન્યૂઝીલેન્ડમાં ભારતનો આ પહેલો વનડે શ્રેણી વિજય છે. ટીમ ઈન્ડિયાએ છેલ્લી વખત ૨૦૧૮-૧૯માં ન્યૂઝીલેન્ડમાં પાંચ મેચની વનડે શ્રેણી ૪-૧ના માર્જિનથી જીતી હતી. સાત વર્ષ પછી કિવીઝે ઘરઆંગણે વનડે શ્રેણી પણ ગુમાવી હતી. અર્શદીપ સિંહ અને મોહમ્મદ સિરાજ ભારતની જીતના હીરો હતા. અર્શદીપે ત્રણ વિકેટ લીધી જ્યારે સિરાજે બે વિકેટ લીધી. અર્શદીપે એકલા હાથે ન્યૂઝીલેન્ડના ટોચના ક્રમને આઉટ કર્યો હતો. તેણે વિલ યંગ (૨૨), ક્રિશ્ચિયન (૧૬) અને નિક કેલી (૨૪) ને આઉટ કર્યા. ત્યારબાદ સિરાજે ફિન એલન (૦૧) અને ટિમ સીફર્ટ (૧૪) ને આઉટ કર્યા હતા.

૨૧૦ રનના લક્ષ્યનો પીછો કરતા કિવી ટીમની શરૂઆત નબળી રહી. તેમની પહેલી વિકેટ ૨૬ રન પર પડી. ટિમ સીફર્ટ ૨૧ બોલમાં ૧૪ રન બનાવીને આઉટ થયો, જેમાં બે ચોગ્ગાનો સમાવેશ થાય છે. ત્યારબાદ વિલ યંગ અને નિક કેલીએ ૩૮ રનની ભાગીદારી કરી હતી. યંગે ૪૨ બોલમાં ૨૨ રન બનાવ્યા અને ત્રણ ચોગ્ગા સાથે આઉટ થયા હતા. ત્યારબાદ કેલીએ ૪૫ બોલમાં ૨૪ રન બનાવ્યા, જેમાં બે ચોગ્ગાનો સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડ એક સમયે બે વિકેટે ૮૨ રન બનાવી ચૂક્યું હતું પરંતુ પછી ૮૩ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી. ડીન ફોક્સક્રોફ્ટ અને માઈકલ બ્રેસવેલે ૩૬ રનની ભાગીદારી કરીને જવાબદારી સંભાળી. જોકે, ભારતીય બોલરોએ તેમના સેટ ફોર્મ છતાં બંનેને આઉટ કર્યા. ફોક્સક્રોફ્ટે ૪૨ બોલમાં ૩૧ રન બનાવ્યા અને બ્રેસવેલે ૩૩ બોલમાં ૧૯ રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડની પાંચમી વિકેટ ૧૧૯ રન પર પડી અને તેમની છઠ્ઠી વિકેટ પણ ૧૧૯ રન પર પડી હતી.

જમ્મુ-કાશ્મીરમાં જવાનોના પાર્થિવ દેહને વતન પહોંચાડવાની વ્યવસ્થાને લઈ વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કિશ્તવાડ, તા.૧૫ : જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આતંકવાદીઓના હુમલામાં શહીદ થયેલા બે સ્પેશિયલ પોલીસ ઓફિસર (SPO) જવાનોના પાર્થિવ દેહને વતન પહોંચાડવાની વ્યવસ્થાને લઈને વિવાદ સર્જાયો છે. બંને જવાનોના મૃતદેહ તાબૂત વગર ડમ્પર ટ્રકમાં લાવવામાં આવ્યા હોવાનો ભાજપના ધારાસભ્ય શગુન પરિહારે આક્ષેપ કર્યો છે. તેમણે આ ઘટનાને શહીદોનું અપમાન ગણાવી પોલીસ અને વહીવટી તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી હતી. બીજી તરફ, કોંગ્રેસે પણ આ મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને નિશાન બનાવ્યા છે. કિશ્તવાડના ભાજપના ધારાસભ્ય શગુન પરિહારે આરોપ લગાવ્યો હતો કે આતંકવાદીઓના હુમલામાં શહીદ થયેલા બંને પોલીસ જવાનોના પાર્થિવ દેહને તાબૂત વગર સીધા ડમ્પરમાં રાખીને તેમના પૈતૃક ગામ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. શુક્રવારે કિશ્તવાડના કરિયાર ગામમાં બંને જવાનોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ધારાસભ્ય શગુન પરિહાર અને વિધાનસભામાં વિપક્ષના નેતા સુનીલ શર્મા પણ હાજર રહ્યા હતા.

અંતિમ સંસ્કાર દરમિયાન શગુન પરિહાર અત્યંત ભાવુક થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં તેઓ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સામે નારાજગી વ્યક્ત કરતા જોવા મળે છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે દેશની સુરક્ષા માટે જીવ ગુમાવનારા જવાનોને અંતિમ વિદાય આપતી વખતે આવી બેદરકારી કેમ દાખવવામાં આવી? આ સમગ્ર વિવાદમાં કોંગ્રેસે પણ સરકારને ઘેરી છે. કોંગ્રેસના નેતા પવન ખેડાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર નિશાન સાધ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે શહીદોના બલિદાનનું સન્માન જાળવવામાં સરકાર નિષ્ફળ રહી છે. પવન ખેડાએ પોતાના નિવેદનમાં અમિત શાહની વૈચારિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરીને આ ઘટનાને લઈને તેમની ટીકા કરી હતી. આ મામલે કોંગ્રેસે શહીદ જવાનોના પાર્થિવ દેહને લાવવામાં થયેલી વ્યવસ્થા અંગે જવાબદારી નક્કી કરવાની માગ કરી છે. મળતી માહિતી મુજબ, કિશ્તવાડ જિલ્લાના મારવાહ વિસ્તારમાં આવેલા દેહરના જંગલમાં બુધવારે બપોરે ગોળીબારની ઘટના બની હતી. ત્યારબાદ SPO જવાનો રશપાલ સિંહ અને બોબી ચંદ લાપતા થઈ ગયા હતા. સુરક્ષા દળોએ શોધખોળ હાથ ધરતાં ગુરુવારે સવારે જંગલ વિસ્તારમાંથી બંને જવાનોના ગોળીઓથી વીંધાયેલા મૃતદેહ મળી આવ્યા હતા.

સ્પેસએક્સની ઐતિહાસિક સફળતા

અંતરિક્ષમાંથી પરત ફરેલા સ્ટારશિપને લોન્ચ ટાવરે હવામાં જ પકડી લીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)
ટેક્સાસ, તા.૧૫ : વિશ્વની અગ્રણી અંતરિક્ષ કંપની સ્પેસએક્સે અંતરિક્ષ ક્ષેત્રે વધુ એક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી હોવાનો દાવો કર્યો છે. કંપનીનું સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ ૨૨ કલાકની ઉડાન બાદ સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફર્યું હતું.

ખાસ વાત એ છે કે આ સ્પેસક્રાફ્ટને સામાન્ય રીતે જમીન પર ઉતારવાને બદલે લોન્ચ ટાવર સાથે જોડાયેલા વિશાળ યાંત્રિક હાથની મદદથી હવામાં જ પકડી લેવામાં આવ્યું હતું. આ ઘટનાનો વીડિયો સ્પેસએક્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કર્યો છે.

અહેવાલ મુજબ, ૧૪ નવેમ્બરે ટેક્સાસ સ્થિત સ્પેસએક્સના લોન્ચ સ્થળેથી શિપ-૪૨ નામના સ્ટારશિપનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. આ સ્પેસક્રાફ્ટે આશરે ૨૨ કલાક સુધી ઉડાન ભરી હતી અને પૃથ્વીની આસપાસ ૧૪ ચક્કર લગાવ્યા બાદ ૧૫ નવેમ્બરે પરત ફર્યું હતું. સ્પેસક્રાફ્ટ લોન્ચ ટાવરની નજીક પહોંચ્યું ત્યારે ટાવર પર લગાવવામાં આવેલા બે વિશાળ યાંત્રિક હાથ સક્રિય થયા હતા. આ બંને હાથની મદદથી સ્પેસક્રાફ્ટને હવામાં જ પકડી લેવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રક્રિયાનો વીડિયો સામે આવતાં અંતરિક્ષ ક્ષેત્રમાં આ ટેક્નોલોજીની ચર્ચા શરૂ થઈ છે.

સ્પેસએક્સના લોન્ચ ટાવર પર લગાવવામાં આવેલી આ વિશેષ વ્યવસ્થાને 'ચોપસ્ટિક્સ' તરીકે ઓળખવામાં આવે છે. ટાવર પર હાથની જેમ લગાવવામાં આવેલા બે વિશાળ યાંત્રિક હાથ રોકેટ અથવા સ્પેસક્રાફ્ટને નિયંત્રિત રીતે પકડવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ ટેક્નોલોજીનો મુખ્ય હેતુ સ્પેસક્રાફ્ટને સુરક્ષિત રીતે પાછું લાવવાની સાથે તેના પુનઃઉપયોગની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. તેના કારણે દરેક વખતના પ્રક્ષેપણ બાદ રોકેટના અલગ-અલગ ભાગોને ફરીથી તૈયાર કરવાની જરૂરિયાત ઘટાડી શકાય છે.

પંજાબમાં ૨૦૨૭ની ચૂંટણી પૂર્વે સર્વેમાં આપ સૌથી આગળ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ચંદીગઢ, તા. ૧૫

પંજાબમાં વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે. ચૂંટણી પૂર્વે સામે આવેલા એક નવા સર્વે અનુસાર, રાજ્યમાં સત્તાધારી આમ આદમી પાર્ટી (AAP) ૩૩.૫ ટકા મત સાથે સૌથી આગળ ચાલી રહી છે, જ્યારે મુખ્ય વિરોધી પક્ષ કોંગ્રેસ ૨૭.૬ ટકા મત મેળવીને તેને જોરદાર ટક્કર આપી રહી છે. બંને પક્ષો વચ્ચે માત્ર ૫.૯ ટકા વોટ શેરનું જ અંતર જોવા મળ્યું છે. વોટ વાઈબ દ્વારા ટેલિફોન માધ્યમથી કરવામાં આવેલા આ સ્ટેટ વાઈબ –ટ્રેકર ૨ સર્વેમાં સમગ્ર પંજાબમાંથી ૪,૨૭૩ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ સર્વેના આંકડા મુજબ, ભાજપને ૧૪.૭ ટકા, શિરોમણી અકાલી દળ (SAD) ને ૧૨.૫ ટકા અને અમૃતપાલ સિંહના નેતૃત્વ હેઠળની વારિસ પંજાબ દે પાર્ટીને ૮.૧ ટકા મત મળવાનું અનુમાન છે. જો કે, ભાજપ અને અકાલી દળ વચ્ચે ગઠબંધનની ચર્ચાઓ ચાલી રહી છે, જે આગામી સમયમાં રાજકીય સમીકરણો બદલી શકે છે.

મુખ્યમંત્રીના ચહેરા તરીકે વર્તમાન મુખ્યમંત્રી ભગવંત માન ૩૫.૯ ટકા લોકોની પસંદગી સાથે સૌથી આગળ છે. જ્યારે કોંગ્રેસના ચરણજીત સિંહ ચન્નીને ૧૯ ટકા, સુખબીર સિંહ બાદલને ૧૪.૬ ટકા અને કેવલ સિંહ ઢિલ્લોને ૧૦.૧ ટકા લોકોએ પસંદ કર્યા છે. પંજાબમાં જમીની હકીકત જોઈએ તો, ૩૧.૧ ટકા મતદારોએ નશાને રાજ્યની સૌથી મોટી સમસ્યા ગણાવી છે, જ્યારે ૨૩ ટકા લોકોએ બેરોજગારી અને સ્થળાંતરને મુખ્ય મુદ્દો ગણાવ્યો છે.

અમૂલે છાસના ભાવ ન વધાર્યા, પણ પેકેટમાં માત્રા ઘટાડી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)
આણંદ, તા. ૧૫

સામાન્ય રીતે મોંઘવારી વધતા ખાદ્યચીજોના ભાવમાં સીધો વધારો કરવામાં આવતો હોય છે, પરંતુ આણંદ સ્થિત અમૂલ ડેરી દ્વારા ગ્રાહકોને સીધો ઝટકો ન લાગે તે માટે એક નવી જ રણનીતિ અપનાવવામાં આવી છે. અમૂલે છાસના પેકેટના બજાર કિંમત તો યથાવત રાખી છે, પરંતુ પેકિંગની અંદર આવતી છાસની વાસ્તવિક માત્રામાં ગુપચુપ ઘટાડો કરી દીધો છે. આનાથી ગ્રાહકોને પૂરતા પ્રમાણમાં છાસ મળતી બંધ થઈ ગઈ છે અને તેઓની જાણ બહાર સીધી તેમના ખિસ્સા પર કાતર ફેરવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમૂલ દ્વારા અલગ-અલગ પ્રકારના છાસના પેકિંગમાં જથ્થાત્મક ઘટાડો કરવામાં આવ્યો છે. જેમાં ૩. ૨૦ વાળા છાસના પાઉચમાં પૂરા 30 ML નો ઘટાડો કરીને હવે ગ્રાહકોને 650 ML ના બદલે માત્ર 620 ML છાસ જ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત, ૩. ૫ વાળી જીરા છાસની નાની થેલીમાં 10 ML નો ઘટાડો કરાતા હવે 150 ML ના બદલે માત્ર 140 ML જીરા છાસ જ ઉપલબ્ધ થઈ રહી છે,

નામધા સર્કલ પર બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે વાપી મહાનગરપાલિકા દ્વારા 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નામધા રોડ ખાતે સ્થાપિત ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ઉજવણીના ભાગરૂપે આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતાં તુર વાદ્યોના નાદ સાથે ઘોર નૃત્યનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભગવાન બિરસા મુંડાના જયઘોષ સાથે રેલી સ્વરૂપે જોડાયેલા લોકોએ અનાવિલ સમાજ ભવન સામેના ખુલ્લા મેદાનમાં યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમનો પ્રારંભ આદિવાસી સમાજની કુળદેવી અને ભગવાન બિરસા મુંડાની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય, પૂજા-અર્ચના અને પુષ્પવર્ષા સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરીએ ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષને યાદ કરતાં જણાવ્યું હતું કે તેમનું જીવન સાહસ, સ્વાભિમાન, સંઘર્ષ અને બલિદાનનું પ્રેરણાદાયી પ્રતીક છે. તેમણે આદિવાસી સમાજના ઉત્થાન અને દેશની આઝાદી માટે આપેલા યોગદાનને યાદ કરી તેમના આદર્શોને જીવનમાં ઉતારવા અપીલ કરી હતી.

મેયર દક્ષાબેન પટેલ અને ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કરી ભગવાન બિરસા મુંડાના સંઘર્ષમય જીવન અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસને યાદ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના છ લાભાર્થીઓને પ્રતીકાત્મક રીતે સહાયના ચેક અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે રાજ્યકક્ષાની વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ચાર ખેલાડીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહારાષ્ટ્રના ગઢચિરોલી ખાતેના સંબોધનનું પણ કાર્યક્રમ સ્થળે લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન ટીનાબેન હળપતિ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, નાયબ મ્યુનિસિપલ કમિશનર કે.એમ. રાણા અને વિશાલકુમાર પટેલ સહિત વિવિધ સમિતિના ચેરમેન, કાઉન્સિલરો, અધિકારીઓ, કર્મચારીઓ, આદિવાસી સમાજના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

ખાનવેલમાં બિરસા મુંડાની જન્મજયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા.૧૫ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ અને જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે રવિવારે ખાનવેલ સ્થિત બિરસા મુંડા સરકારી પ્રાથમિક શાળામાં ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં દાદરા અને નગર હવેલી, દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલ્લ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ, જિલ્લા પંચાયત અને સેલવાસ નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક પંચાયતના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ ખાનવેલ જંક્શન ખાતે આવેલી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પ્રશાસક પ્રફુલ્લ પટેલે પુષ્પાંજલિ અર્પણ કરીને કર્યો હતો. ત્યારબાદ તેઓ બિરસા મુંડા સરકારી પ્રાથમિક શાળા ખાતે પહોંચ્યા હતા, જ્યાં જિલ્લા પંચાયતના સભ્યો, દાદરા અને નગર હવેલીના તમામ સરપંચો તથા સેલવાસ નગરપાલિકાના કાઉન્સિલરોએ તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન સાથે સમારોહનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાનવેલના સરપંચ, જિલ્લા પંચાયતના સભ્ય અને જિલ્લા પંચાયતના અધ્યક્ષે સ્વાગત પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રશાસક દ્વારા ઉપસ્થિત જનમેદનીને બાળલગ્ન વિરુદ્ધ જાગૃતિ અને તેના નિવારણ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

દાદરાના વીરપુર ધામમાં જલારામ જન્મજયંતિની ઉજવણી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૫ : સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના દાદરા ગામે આવેલ વાઘધરા રોડ ખાતે આવેલા વીરપુર ધામમાં આજે શ્રીરામ ભક્ત સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે મંદિરમાં સવારે ૧૦ કલાકે પૂજા-અર્ચનાનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સવારે ૧૧ કલાકથી રાત્રે ૮ વાગ્યા સુધી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહી જલારામ બાપાનાં દર્શન અને મહાપ્રસાદનો લાભ લેશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન વીરપુર ધામ, દાદરાના સંચાલકો દ્વારા કરવામાં આવ્યું છે.



પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલથી અયોધ્યા કેન્ટ સુધી ખાસ ટ્રેન ચલાવશે

ટ્રેન નં.	પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૯૧૪૧	મુંબઈ સેન્ટ્રલ - અયોધ્યા કેન્ટ	૧૬-૧૧-૨૦૨૬	૧૦:૩૦ કલાકે (સોમવાર)	૨૧:૦૦ કલાકે (બીજા દિવસે)

રોકાણો : બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ અને બારાબંકી સ્ટેશનો.

સંરચના : સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય,રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ઉપરોક્ત ટ્રેન માટેનું બુકિંગ તમામ PRS કાઉન્ટરો પર અને IRCTC વેબસાઇટ પર ખુલ્લું છે. આ ટ્રેન સ્પેશિયલ ટ્રેન તરીકે અને સ્પેશિયલ ભાડા સાથે દોડશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME OLD NAME - MD RIZWAN
NEW NAME - MOHAMAD RIZWAN MOHAMAD ASLAM ALI
ADDRESS - H.NO. 7-275 ROOM NO-5, LUHAR FALIYA, MOTI DAMAN, 396220

No.MAM/SIL/RTS/RBD-DNH/168/Birth/2026/6059 Dated 05/11/2026

APPLICANT- Govind Katya Kinri, Presently residing at- Khanchpada, Luhari, Naroli, DNH. Mo 7620292669
V/S
OPPONENTS- The Registrar of Births & Deaths, Luhari.
NOTICE

The public to take note that the above, named applicant Govind Katya Kinri's daughter, namely Anishaben Govindbhai Kinri, who was born on 13/03/2011 at Luhari, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Luhari. Hence, the applicant has moved on application to pass an order to register birth of Anishaben Govindbhai Kinri. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

No.MAM/SIL/RTS/RBD-DNH/171/Birth/2026/6060 Dated 05/11/2026

APPLICANT- Satiya Navsha Vadiya, Presently residing at- Khanchpada, Luhari, DNH. Mo 8799219710
V/S
OPPONENTS- The Registrar of Births & Deaths, Luhari.
NOTICE

The public to take note that the above, named applicant Satiya Navsha Vadiya's daughter, namely Sangitaben Satyabhai Vadhiya, who was born on 21/08/2009 at Luhari, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Luhari. Hence, the applicant has moved on application to pass an order to register birth of Sangitaben Satyabhai Vadhiya. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

No.MAM/SIL/RTS/RBD-DNH/169/Birth/2026/6061 Dated 05/11/2026

APPLICANT- Naresh Satya Badgha, Presently residing at- Khanchpada, Luhari, Naroli, DNH. Mo 7990357750
V/S
OPPONENTS- The Registrar of Births & Deaths, Luhari.
NOTICE

The public to take note that the above, named applicant Naresh Satya Badgha's son, namely Vipulbhai Nareshbhai Badgha, who was born on 27/12/2011 at Luhari, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Luhari. Hence, the applicant has moved on application to pass an order to register birth of Vipulbhai Nareshbhai Badgha. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. પી.પી. ગજરે
ફો.પ.અ.નં.૮૯૩/૨૦૨૬

અરજદાર : **ટીનાબેન સુનિલભાઈ હળપતિ**
રહે. ૧૦૬, માહ્યાવંશી ફળિયા, છીરી, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **રજીસ્ટ્રાર સાહેબ શ્રી, જન્મ-મરણ અધિકારી વાપી મહાનગરપાલિકા**

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૯૩/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પુત્ર **અંકિત સુનિલભાઈ હળપતિનાઓનું** ૨૯/૦૩/૨૦૦૯ના રોજ માહ્યાવંશી ફળિયા, છીરી, તા.વાપી, જી.વલસાડ મુકામે જન્મ થયેલ છે. જે તે સમયે તેમની જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારની પુત્રની જન્મ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મના દાખલાની જરૂર હોઈ અરજદારના પુત્રનો જન્મનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૫મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. પી.પી. ગજરે
ફો.પ.અ.નં.૮૯૨/૨૦૨૬

અરજદાર : **ટીનાબેન સુનિલભાઈ હળપતિ**
રહે. ૧૦૬, માહ્યાવંશી ફળિયા, છીરી, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **રજીસ્ટ્રાર સાહેબ શ્રી, જન્મ-મરણ અધિકારી વાપી મહાનગરપાલિકા**

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૯૨/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પુત્ર **અંકેશ સુનિલભાઈ હળપતિનાઓનું** ૨૯/૦૩/૨૦૦૯ના રોજ માહ્યાવંશી ફળિયા, છીરી, તા.વાપી, જી.વલસાડ મુકામે જન્મ થયેલ છે. જે તે સમયે તેમની જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારની પુત્રની જન્મ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મના દાખલાની જરૂર હોઈ અરજદારના પુત્રનો જન્મનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૫મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. પી.પી. ગજરે
ફો.પ.અ.નં.૮૯૪/૨૦૨૬

અરજદાર : **ટીનાબેન સુનિલભાઈ હળપતિ**
રહે. ૧૦૬, માહ્યાવંશી ફળિયા, છીરી, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **રજીસ્ટ્રાર સાહેબ શ્રી, જન્મ-મરણ અધિકારી વાપી મહાનગરપાલિકા**

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૯૨/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારની પુત્રી **સંધ્યા સુનિલભાઈ હળપતિનાઓનો** તા.૧૨/૧૦/૨૦૦૨ના રોજ માહ્યાવંશી ફળિયા, છીરી, તા.વાપી, જી.વલસાડ મુકામે જન્મ થયેલ છે. જે તે સમયે તેમની જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારની પુત્રીની જન્મ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મના દાખલાની જરૂર હોઈ અરજદારના પુત્રીનો જન્મનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૫મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. પી.પી. ગજરે
ફો.પ.અ.નં.૮૯૧/૨૦૨૬

અરજદાર : **આદમ અફઝલ હુસૈન ખાન**
રહે. ફ્લેટ નં.૧૦૩, સાંઈ આસ્થા બિલ્ડીંગ, મીલતનગર, દેગામ રોડ, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : **રજીસ્ટ્રાર સાહેબ શ્રી, નોટીફાઈડ એરીયા વાપી જીઆઈડીસી વાપી**

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૯૧/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પિતાશ્રી **અફઝલ હુસૈન મોહમ્મદ ઈદ્રીશનાઓનું** તા.૨૨/૧૨/૨૦૧૧ના રોજ વાપી જીઆઈડીસી, તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના પિતાનું મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના પિતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૫મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પી.પી. વૈષ્ણવ)
સુપ્રિન્ટેન્ડન્ટ

No.MAM/SIL/RTS/RBD-DNH/157/Birth/2026/4770 Dated 05/09/2026

APPLICANT- Mamta Manoj Choubey, Presently residing at- S.S. Dubey's Chal, Amli, DNH. Mo 8487935421, 9670285415, 9227195024
V/S
OPPONENTS- The Registrar of Births & Deaths, Silvassa Municipal Council
NOTICE

The public to take note that the above, named applicant Mamta Manoj Choubey's daughter, namely Ananya Chaubey, who was born on 08/08/2008 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Ananya Chaubey. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I









વાપીમાં છઠ્ઠ પર્વએ ઠેર-ઠેર ડૂબતા સૂર્યને અર્ઘ્ય અર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : વાપી પંથકમાં વસતા ઉત્તર ભારતીય પરિવારો દ્વારા લોકઆસ્થાના મહાપર્વ છઠ્ઠ પૂજાની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ચાર દિવસ સુધી ચાલતા આ મહાપર્વના ત્રીજા દિવસે આજે દમણગંગા નદીના કિનારે તેમજ વિવિધ તળાવોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્ર થયા હતાં. જ્યાં વ્રતધારી મહિલાઓ અને પુરુષોએ નદીના વહેતા પાણીમાં ઊભા રહી અસ્તાચળગામી સૂર્યદેવને દૂધ અને જળથી અર્ઘ્ય અર્પણ કરી પરિવારની સુખ-સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

છઠ્ઠ પૂજાના ત્રીજા દિવસને સંધ્યા અર્ઘ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે વ્રતધારીઓ નિર્જળ ઉપવાસ અને ધાર્મિક વિધિ સાથે અસ્ત પામતા સૂર્યની ઉપાસના કરે છે. પૂજાની સામગ્રી, ફળફળાદિ અને પરંપરાગત પ્રસાદથી સજાવેલી ટોપલીઓ સાથે શ્રદ્ધાળુઓ નદી અને તળાવના કિનારે પહોંચ્યા હતાં.

હવે આવતીકાલે વહેલી સવારે ઊગતા સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ વ્રતધારીઓ પારણું કરી ચાર દિવસ સુધી ચાલતા આ મહાપર્વની પૂર્ણાહુતિ કરશે. સમગ્ર વાપી પંથકમાં છઠ્ઠ પૂજાને લઈને ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.



VDC BANK

International Year of Cooperatives 2025

ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, વલસાડ.

વહીવટી કચેરી :- ''સહકાર સદન'', કચેરી રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ફોન નં.(૦૨૬૩૨) ૨૪૧૪૨૪, ૨૪૮૭૨૫

The Valsad District Central Co-operative Bank Limited. Valsad

Administrative Office : "Sahakar Sadan", Kacheri Road, Valsad-396001. Phone No.(02632) 241424, 248725

Email : ceo@vdcobank.in • Website : vdcbank.com

ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લિમિટેડ

તમામ ગ્રાહકો અને જાહેર જનતાને દિવાળીની હાર્દિક શુભેચ્છા તેમજ નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

તા.૩૦/૦૯/૨૦૨૫ના રોજની બેંકની નાણાંકીય સ્થિતિ

* શેર ભંડોળ : ૧૧૧૨.૭૨ લાખ, * રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો : ૧૦૧૫૬.૦૩ લાખ,
* થાપણો : ૯૫૨૪૮.૪૬ લાખ, * ધિરાણ : ૫૨૫૩૩.૭૧ લાખ, * ગ્રોસ નફો : ૬૭૪.૩૫ લાખ,

આ બેંક વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની જનતા માટે સહર્ષ બેકીંગ સેવાઓ રજુ કરી આપ સૌની ભાગીદાર બની ભારત સરકારના ''સહકારથી સમૃધ્ધિ''ના સંકલ્પને સાકાર કરવા માટે કટીબધ્ધ છે.
બેંકની ૪૦ શાખાઓ દ્વારા વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં બેંકીંગ સેવાઓ CBS ટેકનોલોજીના માધ્યમથી ઉપલબ્ધ કરાવતી બેંક જિલ્લાઓના સમગ્ર વિકાસમાં સહભાગી થવા માટે જનતાને વિવિધ યોજનાઓ હેઠળ કૃષિ વિષયક તેમજ બીન કૃષિ વિષયક ધિરાણો નીચે મુજબના હેતુઓ માટે ઉપલબ્ધ કરાવે છે.

- બેંક દ્વારા RTGS, NEFT, Interner Banking, Mobile Banking, Rupay Debit Cards, Rupay KCC Card IMPS, UPI, BBPS વિગેરે સુવિધા ઉપલબ્ધ કરાવાય છે. તેમજ ટુંક સમયમાં Whatsaap Banking ની સુવિધા શરૂ કરવામાં આવનાર છે.
- બેંકના તમામ ખાતેદારોને વિમા મૂલ્યે રૂા.૧/- લાખ સુધીનું અકસ્માત વિમા કવચ આપવામાં આવે છે.
- કૃષિ વિકાસ માટે KCC, KCC (પશુપાલન), મુદતી ધીરાણો, સરકારશ્રીની સહાયવાળી લોન, કૃષિ સાધનો, યંત્રો, ટ્રેક્ટર, સોલાર પંપ તથા જમીનના વિકાસ માટેની લોન
- ઉચ્ચતર અભ્યાસ માટે લોન, મકાન લોન, વાહન લોન, મિલ્કત સામે ધિરાણ, સરલ કેશ ક્રેડીટ ધિરાણ વગેરે તમામ પ્રકારના બિન કૃષિ વિષયક ધિરાણ ઉપલબ્ધ કરાવાય છે.
- રૂા. પાંચ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષિત છે જેનું પ્રિમીયમ બેંક નિયમિત ભરપાઈ કરે છે.

ભારત સરકારના ''સહકારથી સમૃધ્ધિ''ના સંકલ્પને સાકાર કરવા ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક કટિબધ્ધ છે. અને બેંક દ્વારા સહકારી સંસ્થાના સભાસદોને ઘર આંગણે બેંકીંગ સુવિધા ૭૩૩ બેંકમિત્ર દ્વારા ઉપલબ્ધ કરાવે છે. આ ઉપરાંત ૧૬ Off site ATM અને ૩ On site ATM દ્વારા સેવા ઉપલબ્ધ કરાવે છે.

રિઝર્વ બેંકનું લાયસન્સ ધરાવતી સીધા વ્યક્તિગત અને સહકારી દ્વારા ધિરાણો પુરી પાડતી આ બેંક સાથે જોડાઈ આપની પ્રગતિ સુનિશ્ચિત કરો અને દેશના વિકાસમાં ભાગીદાર બનો.

શ્રી રોહિતભાઈ પટેલ	શ્રી ગોવિંદભાઈ ટી. પટેલ	શ્રી જયંતિભાઈ ઉર્ફે અરવિંદભાઈ ચુ. પટેલ
ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર	વાઈસ ચેરમેનશ્રી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રીઓ	ચેરમેનશ્રી

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**